


♦જોડણી♦

આ ઈ.બુકમાં માત્ર એક જ 'ઈ'–'ઉ' વાપર્યા છે.

August 15, 2017

VISIT…

LANZAROTE
Caliente.com

‘જીન્દગી કઈ રીતે જીવશો ?’

‘Jindagi Kaee Rite Jeevasho ?’

By : **Dr. Shashikant Shah**

●લેખક–પ્રકાશક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395009

સમ્પર્ક : 0261 – 2776011 મોબાઈલ : 98252 33110

ઈ.મેલ : sgshah57@yahoo.co.in

●આવૃત્તી પહેલી●

પ્રત : 1250, માર્ચ, 2017

♦મુદ્રક♦

પ્રોગ્રેસીવ પ્રીન્ટીંગ પ્રેસ

શીવરામ ડાઈંગની ગલી, ખટોદરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખટોદરા,

સુરત – 395002 ફોન : 0261 – 263 1700

(A page for eBook)

eBook : 'Jindagi Kaee Rite Jeevasho ?' By Dr. Shashikant Shah

●લેખક●

ડૉ. શશીકાન્ત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395009

સમ્પર્ક : 0261-2776011 મોબાઈલ : 9825233110

ઈ.મેલ : sgshah57@yahoo.co.in

મુલ્ય : વાચકમીત્રો બહેતર જીન્દગી જીવી જાય, એ જ મુલ્ય...

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.–396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

♦આ ઈ.બુકનું સમ્પુર્ણ સૌજન્ય♦ **એક શુભેચ્છક તરફથી...**

●પ્રુફવાચન સૌજન્ય●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

ગોવીન્દ મારુ

'અભીવ્યક્તી' https://govindmaru.wordpress.com/

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

•સૌજન્ય•

કમુબહેન નાથુભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ

મુ : કરમલા તા : ઓલપાડ જી : સુરતના

સૌજન્યથી... 250 કૉપી



સ્વ. શકુંતલાબહેન જીતેન્દ્રભાઈ દાળીયા, સુરતના

પુણ્ય સ્મરણાર્થે 500 કૉપી

હસ્તક : શ્રી. જીતેન્દ્રભાઈ દાળીયા



એક શુભેચ્છક તરફથી... 500 કૉપી

ઘરડા થવા અંગે

ફરીયાદ ન કરશો;

ઘણા લોકોને

એ વીશેષાધીકાર

પ્રાપ્ત થતો નથી

...અર્લ વોરેન...

♦ સૌજન્ય ♦

'મરો ત્યાં સુધી જીવો'

લેખક : ગુણવંત શાહ

•અર્પણ•

આંગળીના વેઢે ગણી શકાય

એવા

મારા આત્મીય મીત્રોને...

જેમણે

મને મારી તમામ મર્યાદાઓ

સહીત સ્વીકાર્યો..

આનન્દનો અવસર

બ્લોગરમીત્ર શ્રી. ગોવીન્દભાઈ મારુએ આદરણીય શ્રી. ઉત્તમભાઈ ગજ્જરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલી, 'જીન્દગી કઈ રીતે જીવશો?' શીર્ષક ધરાવતી ઈ.બુક, આજે જ્યારે લોકાર્પીત થઈ રહી છે એ પ્રસંગે હું સંતોષ અને આનન્દની લાગણી અનુભવું છું. આ પુસ્તીકાને 'ઈ.બુક'નો અવતાર પ્રાપ્ત થયો એટલે એ દેશની સરહદો ઓળંગીને હવે 'વીશ્વવ્યાપી' બનશે.

'ગુજરાતમીત્ર'ની મારી બે કૉલમો, 'માણસ નામે ક્ષીતીજ' તેમ જ 'શીક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ', અન્ય દેશોમાં ઘણા સાહીત્યરસીકો નીયમીત રીતે વાંચી રહ્યા છે, એ હકીકતથી હું વાકેફ છું. નીયમીત રીતે એમના તરફથી લેખો અંગે ઉષ્માપુર્ણ પ્રતીભાવો પણ મળી રહ્યા છે.

આ 'ઈ.બુક' એમના સુધી પહોંચે એવી મારી તીવ્ર ઈચ્છા હતી. મારા પરમ મીત્રો શ્રી. ઉત્તમભાઈ અને શ્રી.ગોવીન્દભાઈના શુભ પ્રયત્નોથી આજે મારી એ ઈચ્છા પુર્ણ થાય છે.

હું એ બન્ને મહાનુભાવોનો હૃદયપુર્વક આભાર માનું છું અને આ ઈ.બુક મારા વીદેશના ગુણાનુરાગી વાચકમીત્રોને અર્પણ કરું છું.

આમીન.

–ડૉ. શશીકાંત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત – 395 009

ફોન : 0261-277 6011 મોબાઈલ : 98252 33110

રક્ષાબન્ધન-August 07, 2017



દીલની વાતો

'ગુજરાતમીત્ર'ની 'માણસ નામે ક્ષીતીજ' કૉલમમાં યુવાપેઢીને ઉદ્દેશીને ઘણી બધી વાતો કરવાની તક સાંપડી છે. વીશેષતઃ જીન્દગી કઈ રીતે જીવવી જોઈએ તે અંગે કારકીર્દીના વીકાસના તબક્કામાંથી પસાર થઈ રહેલાં યુવક–યુવતીઓને આ દીશામાં સતત માર્ગદર્શનની જરુરીયાત રહેવા પામે છે. કમનસીબે, આધુનીક યુગમાં માતાપીતાઓને પોતાનાં સંતાનો સાથે આ બધી વાતો કરવા માટેનો સમય પ્રાપ્ત થતો નથી. વહેલી સવારે ઘર છોડીને મોડી રાત્રે ઘરે પાછા ફરતા પીતાજીને ઘરમાં શું ચાલી રહ્યું છે તેનો ખ્યાલ હોતો નથી. જ્યારે સમગ્ર પરીવાર કોઈ વીસ્ફોટક દુર્ઘટનામાં સંડોવાય ત્યારે સૌની આંખો ખુલતી હોય છે.

આ નાનકડી પુસ્તીકા યુવાપેઢીને વર્તનવ્યવહારની રીતરસમો સમજાવવા માટે નીર્માણ પામી છે. આ એવી વાતો છે જે પરીવારોમાં અને શૈક્ષણીક સંસ્થાઓમાં ભાગ્યે જ ચર્ચાય છે. મારો અત્યાર સુધીનો અનુભવ રહ્યો છે કે જે યુવાનો શાલીન વર્તનવ્યવહારથી પરીચીત નથી હોતા તેઓ જીન્દગીમાં ઉંચાં શીખરો સર કરવામાં ભાગ્યે જ સફળ થતા હોય છે. જે માણસો સારા મીત્રો પ્રાપ્ત કરી શકે છે એમને સંગતને કારણે આ બધી રીતરસમોની જાણકારી પ્રાપ્ત થઈ જાય છે; પરન્તુ જેઓ દુર્જનોની સંગતમાં ફસાયા હોય છે તેઓ અપશબ્દો બોલવાથી માંડીને, વ્યસનમાં ફસાવા સુધીના તમામ વર્તનદોષોનો શીકાર બને છે. આ પુસ્તીકાનું સેવન પરીવારોમાં નીયમીત રીતે થાય તો નવી પેઢીના

મીત્રોને પોતાની પાસે સમાજ અને વીશ્વ કઈ અપેક્ષાઓ રાખે છે તેનો સુપેરે ખ્યાલ આવશે.

હું તો એવું પણ ઈચ્છું કે આ પુસ્તીકામાંના લેખોનું અધ્યયન બાળકો માતાપીતાના માર્ગદર્શન હેઠળ કરે અને એ અધ્યયન પુર્ણ થયા પછી તે સમ્બન્ધીત ચર્ચાઓ પણ થાય. શૈક્ષણીક સંસ્થાઓમાં આ પ્રકારની પુસ્તીકાઓ મોટા પ્રમાણમાં ગ્રંથાલયમાં જઈને સ્થાન પામે તો માનવતાવાદી સમાજની રચનાનું આપણું સ્વપ્ન સીદ્ધ થઈ શકશે.

આ પુસ્તીકાને પુરસ્કૃત કરનાર સૌ મીત્રોનો હૃદયપુર્વક આભાર માનું છું. 'માણસ નામે ક્ષીતીજ' કૉલમને ચાહનારો વીશાળ વાચકવર્ગ પણ અભીનન્દનનો અધીકારી છે. એમને કયા શબ્દોમાં નવાજવા તે સમજાતું નથી. સૌ વાચકમીત્રોનો પણ ખુબ ખુબ આભાર.

…ડૉ. શશીકાંત શાહ

35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ,

સુરત – 395 009 મોબાઈલ : 98252 33110

ઈ.મેલ : sgshah57@yahoo.co.in

11, માર્ચ 2017



અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 15 ઓગસ્ટ, 2017 સુધીમાં નીચે મુજબની 16 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

01. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)

02. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)

03. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

04. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – ‘વીવેક–વલ્લભ’ (પાનાં : 190; મુલ્ય : મફત)

05. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને ‘વીવેકવીજય’ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – ‘વીવેકવીજય’ (પાનાં : 131; મુલ્ય : મફત)

06. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફત)

07. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બૉયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફત)

08. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહ ના 25 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં : 111; મુલ્ય : મફત)

09. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફત)

10. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફત)

11. આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફત)

12. રૅશનાલીસ્ટ અને લેખક શ્રી. એન.વી. ચાવડાની ઈ.બુક ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફત)

13. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 05 ‘સત્યસન્દુક’ (પાનાં : 110; મુલ્ય : મફત)

14. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફત)

15. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘જીન્દગી કઈ રીતે જીવશો ?’ (પાનાં : 75; મુલ્ય : મફત)

16. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 06 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફત)

મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in



અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક' નીચેના બોક્સ આઈટમની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકોને વીનન્તી છે.



હાથ ઝાલીને જરા નીકળો

વીતેલાં બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો,
નર્યા વીસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો.

સમજવા મનને સઘળી શાસ્ત્ર–સમજણ ખીંટીએ ટાંગો,
પછી કોઈ અભણનો હાથ ઝાલીને જરા નીકળો.

અટુલા પાડી દે છે કૈં વખત પોકળ પરીચીતતા,
અજાણ્યા કો'ક જણનો હાથ ઝાલીને જરા નીકળો.

જીવનની ભીંસમાં કરમાઈ જતાં વાર નહીં લાગે,
તરોતાજાં સ્મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

ઘડીના માત્ર છઠ્ઠા ભાગમાં થાશે જીવન–દર્શન,
સડક વચ્ચે મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

પડ્યા રહેવું ન ઘરમાં પાલવે વરસાદી મોસમમાં,
ભીના વાતાવરણનો હાથ ઝાલીને જરા નીકળો.

તમારું ખુદનું અન્ધારું ને ઘરે તમને રસ્તામાં,
કવીતાનાં કીરણનો હાથ ઝાલીને જરા નીકળો.

…મનોજ ખંડેરીયા…

01

'સૉરી' બોલવામાં આપણને તકલીફનો અનુભવ કેમ થાય છે?

'આપણે માણસ છીએ, ભુલ થઈ શકે છે. મોટા ભાગની ભુલો નીર્દોષ સ્વરુપની હોય છે. કેટલીક ભુલો ઈરાદાપુર્વકની હોય છે અને પોતાનું આધીપત્ય સ્થાપવા માટેની હોય છે. ભુલ થયા પછી દીલગીરીનો અનુભવ થાય તો એ માણસના સંસ્કાર, ઉત્તમ સંસ્કારનું પરીણામ છે. 'સૉરી' બોલવાથી માણસ અપરાધભાવથી મુક્ત બને છે અને જેમના પ્રત્યે ભુલ થઈ છે એમને પણ રાહતનો અનુભવ થાય છે. 'સૉરી' બોલવાથી કોઈ પણ શખ્સ નાનો કે નીચો થઈ જતો નથી છતાં ભારતીય સમાજમાં 'થૅન્ક યુ' અને 'સૉરી' જેવા મુલ્યવાન શબ્દોનો ઉપયોગ ખુબ ઓછો થતો હોવાનું અનુભવાય છે. મારું આ અવલોકન ગલત હોય તો હું ક્ષમાપ્રાર્થી છું.'

અનુક્રમણીકા

દસેક વર્ષ પુર્વે વડોદરામાં એક બનાવ બન્યો હતો જેની મીડીઆ દ્વારા વ્યાપક નોંધ લેવાઈ હતી. જ્યાં 'વન–વે' હતો ત્યાં પોલીસ વૅન પ્રવેશીને આગળ ધસી રહી હતી. એક યુવાન નાગરીકે પોતાનું દ્વીચક્રી વાહન એ પોલીસ વૅનની સામે મુકી દીધું અને ત્યાંથી ખસવાનો ઈન્કાર કર્યો. વાહન પર

લાલ–લાઈટ, પીળી–લાઈટ હોય એટલે પ્રધાનો અને સરકારી અધીકારીઓ ‘રાજાપાઠ’માં આવી જતા હોય છે. અન્દર બેઠેલા ચાર પોલીસ અધીકારીઓએ હુકમ છોડ્યો, ‘બાજુ પર ખસ, દેખાતું નથી? પોલીસની ગાડી પસાર થઈ રહી છે?’ (કોણ કહે છે, ‘દેશ આઝાદ થઈ ગયો?’ અંગ્રેજો હજુ ગયા જ નથી.) પેલા બહાદુર યુવાને કહ્યું ‘સર, અહીં તોફાનો નથી થયા, હુલ્લડ નથી થયું, કોઈ ઈમર્જન્સી નથી... આપ રોન્ગ સાઈડ પર પ્રવેશ્યા કઈ રીતે? બહાર ‘નો એન્ટ્રી’નું બોર્ડ તમને દેખાયું નહીં? તમે ગાડી રીવર્સમાં લઈને બહાર નીકળો નહીં તો હું પોલીસ કમીશ્નરને ફોન કરીને આખું શહેર માથે લઉં છું.’ ચારમાંના એક પોલીસ ઑફીસરે સૉરી કહ્યું, પારોઠનાં પગલાં ભરીને પોલીસ વૅન ‘નો એન્ટ્રી’ ઝોનમાંથી બહાર નીકળી ગઈ.

પોતાની દેખીતી ભુલ થઈ હોય તોયે ભારતીય નાગરીકને ‘સૉરી’ બોલવામાં ભારે તકલીફનો અનુભવ થાય છે. ટ્રાફીક બ્રાન્ચના એક ઑફીસરે શાળામાં પ્રવચન આપતી વખતે કહ્યું હતું, ‘લાઈસન્સ વગર કે હેલ્મેટ વગર વાહન હાંકતો કોઈ વીદ્યાર્થી કે શીક્ષક પકડાય તો હું તરત દંડ નથી ફટકારતો, એમની સાથે સંવાદ આદરું છું અને પુછું છું, ‘કેમ ભાઈ(બહેન), વગર લાઈસન્સે વાહન હાંકવાનું લાઈસન્સ છે, તમારી પાસે?’ જો તેઓ પોતાની ભુલ સ્વીકારીને ‘સૉરી’ બોલે તો હું એક સુચના આપીને છોડી દઉં છું, જુઓ, ‘સૉરી’નો અર્થ એ છે કે હવે આ ભુલ તમે ફરીથી નહીં કરો, ઓ.કે.?’

ડીવોર્સનો કેસ ચાલતો હતો અને ન્યાયાધીશે પતીને પુછ્યું, ‘આપ શા માટે ડીવૉર્સ લેવા ઈચ્છો છો?’ પતીએ કહ્યું, ‘નામદાર, અમારાં લગ્નને બે દાયકાથી વધુ સમય થયો, અમારી વચ્ચે વારંવાર ઝઘડા થાય છે, એણે ઘણી

ભુલો કરી છતાં એક પણ વખત પણ એના મોંમાંથી 'સૉરી' શબ્દ નથી નીકળ્યો. ભુલ કરે અને દીલગીરી વ્યક્ત ન કરે એ બાઈ સાથે હું વધુ કેટલા વર્ષ રહું?' જજે સ્મીત આપ્યું અને ડીવૉર્સ પણ આપ્યા. ત્યાર પછી મનોમન બબડ્યા, 'તું નસીબદાર છે અને અહીં આવી પહોંચ્યો; પરન્તુ મારે ક્યાં જવું?'

ઈજેમા ઑલુઓએ માણસ 'સૉરી' કહેવાનું કેમ ટાળે છે અને 'સોરી' કહેવાની રીતરસમો કેવી હોવી જોઈએ તેની માંડીને વાતો કરી છે. 'સૉરી' બોલવાથી હું નાનો સાબીત થઈશ, હું ખરાબ છું એવું પ્રસ્થાપીત થશે, 'સૉરી' બોલવામાં તો પરાજયનો સ્વીકાર થાય છે, એવું એવું વીચારીને અહંકારી માણસ 'સૉરી' બોલવામાંથી છટકી જાય છે. રીઢા ગુનેગાર જેવા વીદ્યાર્થીઓ હીંસક ગુનાઓ આચર્યા પછી પણ નફ્ફટાઈપુર્વક 'સૉરી' બોલવાનો ઈન્કાર કરે છે જ્યારે કેટલાક સરળ અને નીષ્પાપ માણસો અંતઃકરણપુર્વક ખુબ સહજતાથી રોજેરોજ 'મીચ્છામી દુક્કડમ્' બોલતા સમ્ભળાય છે. જે તફાવત છે તે સંસ્કાર અને તાલીમનો છે. સંસ્કાર અને તાલીમ આપવાની ફરજ પરીવારની અને શૈક્ષણીક સંસ્થાઓની છે. ઈજેમા નોંધે છે; 'સૉરી' નહીં બોલનારા એવું વીચારે છે કે, અમે સારા માણસ છીએ, અમે ભલાઈનાં કામો કરીએ છીએ, અમે બીજાની કાળજી લઈએ છીએ, અમે પ્રેમાળ અને દયાળુ છીએ... અમારે વળી 'સૉરી' શાને બોલવાનું?' એક શીક્ષકે વર્ગમાં વીદ્યાર્થીને ઢોર માર માર્યો. વાલીની ફરીયાદ આવી. બાળકને ડૉક્ટર પાસે સારવાર લેવી પડી. પ્રીન્સીપાલ શીસ્તના તીવ્ર આગ્રહી હતા. એમણે શીક્ષકને સમજાવ્યું, 'ભુલ તમારી છે, બાળકને મારી તો ન જ શકાય, 'સૉરી' કહી દો એટલે વાત પુરી થઈ જાય.' બાળકના પીતા શીક્ષીત હતા. એમણે આગ્રહ રાખ્યો કે શીક્ષક દીલગીરી વ્યક્ત કરે તો મારે આગળ નથી વધવું,

બીજી વાર આવું નહીં બને એવું કમીટ્મેન્ટ એમણે કરવું જોઈએ. શીક્ષકમાં અહંકારનો મહાસાગર ઘુઘવાતો હતો. એમણે પોતાની ભુલ સ્વીકારવાનો ઈન્કાર કર્યો. નૉન ગ્રાન્ટેડ શાળાએ એને સમ્ભળાવી દીધું 'આ સરકારી શાળા નથી, આજે સાંજે તમારી નોકરી પુરી થાય છે. અનુભવનું પ્રમાણપત્ર લેવા આવશો ત્યારે એમાં નોંધીશું, 'બાળકને ક્રુરતાપુર્વક મારવામાં આવ્યો એટલે એમને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.'

ઈજેમા ઑલુઓ લખે છે, 'તમે કોઈને હર્ટ કર્યા છે, દુ:ખ પહોંચાડ્યું છે, ઈરાદાપુર્વક અને પાક્કી ગણતરી સાથે એવું કર્યું છે. હવે તમે 'સૉરી' કહેવાનો ઈન્કાર કરીને તમારી પેલી ભુલ કરતાંયે વધુ મોટી ભુલ દોહરાવી રહ્યા છો. ઘવાયેલા શખ્સને મલમપટ્ટીની જરુર હતી અને તમે તો લીલાછમ ઘા પર બીજો પ્રહાર ઠોકી દીધો!' ઈજેમા આ ચર્ચાને આગળ વધારતા નોંધે છે, 'સૉરી' કહેવામાં મને પીડા તો થાય છે; પરન્તુ મેં જેમને હર્ટ કર્યા છે, દુ:ખી કર્યા છે, તેમને વધુ દુ:ખી કરવાનો મારો ઈરાદો નથી. ભુલ સ્વીકારવાનો ઈન્કાર કરીને હું મારી જવાબદારીમાંથી છટકવાનું પસંદ નહીં કરું. એક સમજદાર પુખ્ત વીચારના માણસ તરીકે મારે વર્તવું જોઈએ અને હું વર્તીશ.'

ઈજેમાએ 'સૉરી' કહેવાની ઈચ્છા ધરાવતા મીત્રોને પાંચ ટીપ્સ આપી છે તેના પર નજર ફેરવી લઈએ :

1. સામેની વ્યક્તી કેટલી હર્ટ થઈ છે એ તમે નક્કી નહીં કરી શકો. 'મેં એવું તે શું કહી નાંખ્યું કે તેઓ હર્ટ થઈ ગયા' એવું કદી વીચારશો નહીં. બીજાના પેંગડામાં પગ ઘાલવાની કોશીશ કરો નહીં.

2. શબ્દોની સન્તાકુકડી રમશો નહીં...

'જો તમને દુ:ખ પહોંચ્યું હોય તો... તમે મારી વાતને ઉંધી રીતે લેતા હો તો... હું ક્ષમા ચાહું છું.' એવી ગોળગોળ વાતોમાં ગુંચવાશો નહીં. 'જો અને તો'ની રમત રમ્યા વગર સીધું 'સૉરી' કહી દો.

3. 'સૉરી' કહેવાનો અર્થ છે, ફરીથી આવું નહીં બને તે માટેનું કમીટ્મેન્ટ. દીલગીરી બીનશરતી હોવી જોઈએ. 'હું 'સૉરી' તો કહું છું પણ...' એવું કદી ન બોલો. આવું બોલો છો ત્યારે એ ક્ષમાયાચના નથી, દલીલબાજી છે.

4. આપણી ભુલ છે, આપણે તેને સુધારવાની છે.

આપણા થકી કોઈ હર્ટ થયું હોય તો આપણે બાજી સમ્ભાળી લેવાની છે. 'સૉરી' બોલીને આપણે કોઈના પર અહેસાન નથી કરતા, આપણી ભુલનું પ્રાયશ્ચીત્ત કરીએ છીએ.

5. 'ક્ષમાયાચના' એ કંઈ વેપાર નથી.

તમને ક્ષમા આપવાનો સામેની વ્યક્તી ઈન્કાર કરી શકે છે. 'હું હર્ટ થયો છું/થઈ છું, તમને શા માટે માફ કરું?' એવું વીચારવાનો કે બોલવાનો સામા પક્ષને અધીકાર છે. 'તમે ક્ષમા માંગો એટલે મળે જ – મળવી જ જોઈએ' એવું ધારી લેવાની જરુર નથી. આ કંઈ વેપાર નથી. અહીં તમારો અભીગમ, તમારો 'ટોન' જોવાશે પછી 'સૉરી'નો સ્વીકાર કે અસ્વીકાર

થશે. ક્ષમા નહીં આપવાનો સામેના માણસને અધીકાર છે એ વાત હમ્મેશાં યાદ રહે. ક્ષમા નહીં આપનાર વ્યક્તી શાંતીથી અને હળવાશથી જીવવાની તક ગુમાવે છે એ વાત અલગ છે. ક્ષમા યાચનાર મોટો કે ક્ષમા બક્ષનાર એ પ્રશ્ન લાંબી ચર્ચાનો હક્કદાર છે; છતાં ગુનેગારને ક્ષમા બક્ષવાનું ખુબ અઘરું છે એટલે ઉદાર દીલથી ક્ષમા બક્ષનારો મહાન છે એવું હું સમજું છું. આપની અસમ્મતી આવકાર્ય છે!

મેઘધનુષ

બધાની સમાવી શકે લાગણીઓ
હૃદય એટલું દોસ્ત! વ્યાપક થયું છે.

...સુનીલ શાહ...

02

વાતે વાતે ઔપચારીકતા જરુરી?

અનુક્રમણીકા

એક નીવૃત્ત બેન્ક મૅનેજરે ચાર મીત્ર દમ્પતીઓને રાત્રી ભોજન માટે નીમન્ત્રણ પાઠવ્યું. હું અને મારાં પત્ની પણ તેમાં સામેલ થયાં હતાં. કાર્યક્રમ પુરો થયો અને સૌ પાછાં ફરતાં હતાં ત્યારે યજમાન મીત્રએ ભાવુક બની જઈને સૌને કહ્યું, ‘આપ સૌ આજે અમારે ત્યાં પધાર્યા, અમને ખુબ ખુશીઓ આપી તે માટે આપનો હૃદયપુર્વક આભાર માનીએ છીએ.’ પોતાનો આભાર માનવામાં આવ્યો તે એક મહીલાને ન ગમ્યું એટલે તેમણે પોતાની નારાજી રોષપુર્વક વ્યક્ત કરી, ‘આ શું વાતે વાતે થૅન્ક્યુ અને સૉરી, મને તો આવી ઔપચારીક્તા બીલકુલ પસન્દ નથી!’ હાર્વર્ડ યુનીવર્સીટીમાં હાથ ધરાયેલા એક સંશોધન દરમીયાન એવું જાણવા મળ્યું કે, માણસોને સારી નોકરી મળે કે બઢતી મળે તો એમાં **85** **ટકા** હીસ્સો તેમના ઍટીટ્યુડ અને આકર્ષક વર્તન વ્યવહારનો હોય છે અને માત્ર **પન્દર** **ટકા** હીસ્સો તેમની સ્માર્ટનેસ તથા તેમની પાસે જોવા મળેલા માહીતીભંડારનો હોય છે. કારકીર્દીમાં સફળ થવા માટે અને જીન્દગીને મધુર તથા હળવી બનાવવા માટે સૉરી અને થૅન્ક યુ જેવી ઔપચારીકતાઓ જરુરી છે.

‘ભારત અને અમેરીકામાં લોકજીવન’ એ વીષય પર પ્રવચન આપતી વખતે હમ્મેશાં કહું છું કે, ‘અમેરીકામાં નાગરીકો થૅન્ક યુ તથા સૉરીનો પ્રયોગ વારંવાર કરે છે જ્યારે ભારતમાં ક્યારેક જ માણસ લાચારીથી

થેન્ક યુ કે સૉરી ઉચ્ચારતો હોય છે. ગયા અઠવાડીયાનો જ મારો અનુભવ કહું; એક મીત્રની દીકરી એમ.એસસી., એમ.ઍડ., પીએચ.ડી.ની ડીગ્રી ધરાવે છે. કૉલેજમાં લેક્ચરરના પદ માટે ઈન્ટરવ્યુ આપવા જવાનું હતું એટલે મારું માર્ગદર્શન મેળવવા આવી. બધું સમજાવી દીધા પછી મેં તેને શુભેચ્છા પાઠવી. તેણે જવા માટે ઘરની બહાર પગ મુક્યો એટલે મે તેને પાછી બોલાવી અને કહ્યું; 'બેટા, મારી શુભેચ્છા વળતી 'થૅન્ક યુ'ની સ્વીકૃતી ન મળે તો ફળતી નથી!' છોકરી ખુબ સ્માર્ટ હતી. વાતનો મર્મ પામી ગઈ અને સ્મીત સાથે બોલી, 'સૉરી અંકલ, ઈન્ટરવ્યુની તાણ હતી એટલે ચુકાઈ ગયું. થૅન્ક યુ વેરી મચ, સર! એ યુવતી તો હજુ કારકીર્દીનો પ્રારમ્ભ કરી રહી હતી તેનું વર્તન ક્ષમ્ય છે; પરન્તુ આપણે ત્યાં કોણ જાણે કેમ, 'સૉરી' અને 'થૅન્ક યુ' બોલવામાં લોકોને ભાર પહોંચતો હોય છે. વ્યક્તી વીકાસની તાલીમ આપતી વખતે તાલીમાર્થીઓને આ બે શબ્દોની જાદુઈ અસર અંગે પ્રશીક્ષકે ઉંડાણપુર્વક વાતો કરવી જોઈએ.

પત્ની પાણીનો ગ્લાસ આપે કે ચાનો કપ આપે તો યે 'થૅન્ક યુ' કહેનારા પતીદેવોને હું ઓળખું છું અને આદરપુર્વક તેમને સલામ પાઠવું છું. કૃત્રીમ લાગે એટલી હદે 'થેન્ક યુ' અને 'સૉરી'નો ઉપયોગ ન થાય તો ચાલે અને થાય તો કંઈ નુકસાની નથી. કોઈ આપણને રસ્તો બતાવે, આપણા હાથમાંનો સામાન ઉંચકી લઈને આપણો બોજો હળવો કરે, રસ્તો ઓળંગવામાં મદદ કરે, ત્યારે સહજ રીતે 'આપનો આભાર' એવો ઉદ્‌ગાર નીકળી પડે તો એ થકી માણસ કેળવાયેલો છે અને સંસ્કારી છે તે વાતની ગવાહી સાંપડે છે.

આ લખનારે આખી જીન્દગી શીક્ષક તરીકે સેવા આપી છે. એટલે સમ્પર્કમાં આવતા નવી પેઢીના સીતારાઓને વણમાગી સલાહ આપવાની આદત પડી ગઈ છે. ત્રણ યુવાનો કાર લઈને જતા હતા અને હું મૉર્નીંગ વૉક

માટે નીકળ્યો હતો. તેમણે મને જોઈને કાર ઉભી રાખી અને પુછ્યું; ‘અમારે યુનીવર્સીટી જવું છે, પ્લીઝ રસ્તો બતાવશો?’ મેં મારી કીમતી ચાર મીનીટ ફાળવીને તેમને બધું બરાબર સમજાવી દીધું. કામ પતી ગયું એટલે તમણે કાર હાંકી મુકી. મેં તેમને થોભાવ્યા અને મારી તરફ પાછા ફરવા સંકેત આપ્યો. એમણે પુછ્યું, ‘શું થયું અંકલ?’ મેં કહ્યું, ‘ભત્રીજા, થયું કંઈ નથી; પરન્તુ મેં તમને રસ્તો બતાવવા મારી થોડીક બચેલી જીન્દગીમાંથી કીમતી ચાર મીનીટ કાઢીને આપી દીધી, તમે મને ‘થૅન્ક યુ’ કહેવાનો શીષ્ટાચાર પણ નહીં દાખવો?’ મને જણાવતા આનન્દ થાય છે કે એ ત્રણે ત્રણ જણ કાર બન્ધ કરીને નીચે ઉતર્યા અને વન્દન કરીને બોલ્યા; ‘સૉરી અંકલ, અમે જરા ઉતાવળમાં હતા એટલે આપનો આભાર માનવાનું ચુકી ગયા! જ્યાં આપણે માત્ર ‘થૅન્ક યુ’ સાંભળવા ઈચ્છતા હોઈએ ત્યાં ‘સૉરી’ પણ સાંભળવા મળે એટલે સવાર સુધરી ગયાની અનુભુતી થાય.

ફોન પરની વાત પુરી કરતી વખતે બોલાતું, થૅન્ક યુ ફૉર કૉલીંગ કે મહેમાન ઘર છોડે ત્યારે કહેવાતું થૅન્ક યુ ફૉર કમીંગ સાંભળવામાં મધુર લાગે છે અને બોલનાર વ્યક્તી શીક્ષીત, સંસ્કારી અને શીષ્ટાચારી હોવાનો સંકેત આપે છે. વડીલ મહીલા પાસેથી ચૉકલેટ સ્વીકાર્યા પછી બાળક મૌન રહે તો તેની મમ્મી સહજ રીતે જીન્દગીનો અમુલ્ય પાઠ શીખવે છે, ‘બેટા, આન્ટીને થૅન્ક યુ તો કહો!’ ‘સૉરી’ અને ‘થૅન્ક્ યુ’ના પ્રયોગથી જીન્દગીની જટીલ ગુંચો ઉકલી જતી હોય છે. મારી પાસે કાઉન્સેલીંગ માટે આવેલા એક દમ્પતીને સાંભળ્યા પછી મેં પતીને કાનમાં કહ્યું, ‘તારી એક પણ ભુલ નથી તે મને સમજાઈ ગયું છે; પરન્તુ તારી સાયકોલોજી સાથે એમ.એ. (ગોલ્ડ મેડલીસ્ટ) થયેલી પત્ની વારંવાર મને કહેતી હતી કે મારા પતીને સૉરી બોલવામાં આટલી બધી તકલીફ કેમ થાય છે? આવા અહંકારી પુરુષ સાથે હું એક પળ

પણ રહી ન શકું, તો પછી ભલા માણસ એક વાર હૃદયપુર્વક સૉરી બોલીને વીવાદ પુરો કરી દે' પતીએ પુછ્યું; 'પરન્તુ સર, મેં કોઈ ભુલ જ નથી કરી તો 'સૉરી' શાનું? મારો જવાબ હતો, 'ભુલ નથી કરી તે માટે સૉરી કહી દે, ભાઈ! તેના મનનું સમાધાન થઈ જશે અને દુઃખદ પ્રકરણનો અન્ત આવી જશે.' ખરેખર બધું પતી ગયું.

કાંટાળા જીવન પથ પર ચાલતી વખતે કેટલાક શબ્દો આપણને મુલાયમ સુગંધીત પુષ્પોની અનુભુતી કરાવે છે, તેમાં આ સૉરી અને થૅન્ક યુ શબ્દોનું સ્થાન ટોચ પર છે. આપણે સામેના માણસને દૃષ્ટીસમ્પર્ક કેળવીને કેવળ એટલું જ કહીએ કે; સૉરી, મને લાગે છે કે મારી ભુલ થઈ, મારે તમારી સાથે આવી રીતે નહોતું વર્તવું જોઈતું. કદાચ હું ખોટો પણ હોઉં, આપની ભલી લાગણી માટે શુક્રગુઝાર છું...' તો પછી મનદુઃખ ટકે ખરું? આખરે તો, માણસ પ્રત્યેક ક્ષણે કેવા શબ્દો ઉચ્ચારે છે તેને આધારે જ તેનું મુલ્ય અંકાતું હોય છે. આપનો કીમતી સમય ફાળવીને આ લેખ વાંચવા માટે આપનો આભાર અને આપને નહીં ગમતાં વીચારો અહીં રજુ થયા હોય તો એ માટે કહેવાનું કે; 'સૉરી!'

મેઘધનુષ

જે ઘટના કે વ્યક્તી આપણા માટે
મહત્ત્વના ના હોય એમને 'જતા' કરાય
અને
મહત્ત્વના હોય એમને માટે 'જતું' કરાય.

...અજ્ઞાત

03

જેની ઈચ્છાઓ સમાપ્ત થઈ ગઈ તે સૌથી વધારે સુખી!

“કેટલાક મહત્ત્વના પ્રશ્નો આપણને જીન્દગીના અન્ત સુધી પજવતા રહે છે. એ પ્રશ્નોમાંનો એક પ્રશ્ન આ છે; **‘મારા સુખમાં ગાબડું કોણ પાડે છે?’** આપણે મોટે ભાગે અસ્વસ્થ રહીએ છીએ, બેચેન રહીએ છીએ, કંઈ ગમતું નથી, કંઈ અજુગતું બનવાનું હોય એવી ભીતી રહ્યા કરે છે. આ મનનો અજમ્પો કોને આભારી છે? કોણ આપણને દુઃખી કરી રહ્યું છે? **આચાર્ય મહાપ્રજ્ઞજી** રચીત **‘સુખી કૌન?’** પુસ્તકનું અધ્યયન કર્યું ત્યારે ઉપરોક્ત તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા. આમ તો, આ ખુબ જાણીતું રહસ્ય છે કે અનન્ત ઈચ્છાઓ આપણને દુઃખી કરે છે. મોહ–માયા છોડવા માટેની ઉમ્મર કઈ?”

અનુક્રમણીકા

ઉમરા, સુરતના એક વડીલ મીત્ર શ્રી. બાલુભાઈ પટેલે આચાર્ય મહાપ્રજ્ઞજી રચીત ‘સુખી કૌન?’ શીર્ષક ધરાવતું પુસ્તક છ મહીના પુર્વે આપેલું. એકત્રીસમી ડીસેમ્બરની સાંજ અને પહેલી જાન્યુઆરીનું પ્રભાત એ પુસ્તકનું અધ્યયન કરવામાં પસાર થયા. એમાંની બે વાતો એવી હતી કે જે સૌની સાથે વહેંચવાની ઈચ્છા થઈ. 2017 માટેની શુભેચ્છાઓ હું આપને

પાઠવું તો એ ઔપચારીકતા કોઈ રીતે આપને શુભની પ્રાપ્તીમાં ઉપકારક બનવાની નથી. નુતન વર્ષના પ્રારમ્ભે બે પ્રસંગકથાઓ આપના પરીવારજનો સાથે વહેંચો એવી અપેક્ષા સાથે વહેતી મુકું છું. શુભની પ્રાપ્તીમાં એ ઉપયોગી પુરવાર થશે.

એક વીશાળ સભામાં સંત સત્સંગ કરવાના ઈરાદે પહોંચ્યા તો એક શ્રોતાએ સંતને પુછ્યું, 'મહારાજ, આપશ્રીની સભામાં બેઠેલા શ્રોતાઓમાં સૌથી વધારે સુખી કોણ છે? સંત તત્ત્વજ્ઞ અને અન્તર્યામી હતા. એમણે સભાગૃહમાં એક નજર ફેરવી અને કહ્યું, સભાને છેડે છેલ્લી હરોળમાં બેઠેલો પેલો એક માણસ સૌથી વધારે સુખી છે.' બધા આશ્ચર્યમાં પડી ગયા. રાજા, મન્ત્રી, અગ્રીમ હરોળના શ્રેષ્ઠીઓમાંથી કોઈ નહીં અને એક મુફલીસ માણસ સૌથી વધારે સુખી? પ્રશ્ન પુછનારે બીજો પ્રશ્ન રજુ કર્યો, 'મહારાજ, એ માણસ સૌથી વધારે સુખી છે એનું પ્રમાણ આપો. આપે એને ક્યા માપદંડથી સૌથી વધારે સુખી ગણ્યો?'

સંતના ચહેરા પર સ્મીત લહેરાયું અને એમણે રાજા તરફ સંકેત કરીને પુછ્યું, 'રાજન, આપને શું જોઈએ છે?' રાજાએ દુ:ખી હૃદયે કહ્યું, 'મહારાજ, પ્રભુની કૃપાથી બધું જ છે. બસ, એક દીકરો જોઈએ છે. પુત્ર વગર મારું સામ્રાજ્ય કોણ સમ્ભાળશે? મારો વંશવેલો આગળ કેમ વધશે?' ત્યાર પછી મન્ત્રી, ધનીકો બધાને આ પ્રશ્ન પુછાયો. સૌએ પોતપોતાની કામનાઓ વ્યક્ત કરી. છેલ્લે, પેલા સૌથી વધુ સુખી એવા મુફલીસનો વારો આવ્યો. એણે, કહ્યું, 'મહારાજ, મારી કોઈ ઈચ્છા નથી.' સંતે કહ્યું, 'જો ભાઈ, હું સીદ્ધપુરુષ છું. તું ગરીબ અને બેહાલ છે. તું જે ઈચ્છે તે હું તને આપી શકું એમ છું.' સંતના આગ્રહથી એ માણસે કહ્યું, 'મહારાજ, આપનો આટલો આગ્રહ છે તો કૃપા કરીને એવા આશીર્વાદ આપો કે, મારા જીવનમાં કોઈ ઈચ્છા ન રહે.

ઈચ્છાની ઈચ્છા પણ સમાપ્ત થઈ જાય.' સંત સ્મીત સાથે સભાને સમ્બોધીને બોલ્યા, 'ભાઈઓ, આ દુનીયામાં જેમની કોઈ ઈચ્છા નથી બચી એ સૌથી વધારે સુખી છે.'

'સુખી કૌન?'માં દુ:ખી થતા સુર્યનો કીસ્સો ચર્ચાયો છે. સુર્યને વીચાર આવ્યો, 'હું દુનીયાની આટલી સેવા કરું છું. સર્વત્ર પ્રકાશ ફેલાવું છું, ચોરી–લુંટફાટ અટકાવું છું તો તેઓ સૌ જરુર મારા ગુણગાન કરતા હશે. મારી પ્રશંસા કરતા હશે... મારે જાણવું છે કે દુનીયા મારા અંગે શું વીચારે છે, કેવું વીચારે છે?'

સુર્ય, પત્ની સાથે પૃથ્વીનું પરીભ્રમણ કરવા નીકળી પડ્યો. એક જગ્યાએ મોટું ટોળું જમા થયું હતું. એક માણસ બોલ્યો સુર્ય કેટલો મહાન છે, પ્રતાપી છે, તેના ઉદય સાથે અન્ધકાર, ગંદકી દુર થઈ જાય છે અને સર્વત્ર પ્રકાશ ફેલાઈ જાય છે.' તરત બીજો માણસ ગર્જના કરતો બોલ્યો, 'અરે, શાનો પ્રકાશ અને શાની વાહવાહ? સુર્યની ગરમીથી શરીર દાઝી જાય છે. પરસેવે રબઝેબ થઈ જવાય છે, અમે તો ઈચ્છીએ છીએ કે સુર્ય અસ્ત થઈ જાય, સર્વત્ર અન્ધકાર છવાઈ જાય. વરસાદ આવે અને ઠંડક પ્રસરી જાય.' સુર્યે જોયું કે એક તરફ પ્રશંસા કરનારા હતા તો બીજી તરફ કોઈને કોઈ નીમીત્ત ઉભું કરીને તેને ગાળો ભાંડનારા પણ મોટી સંખ્યામાં હતા. સુર્ય દુ:ખી દુ:ખી થઈ ગયો. એણે વીચાર્યું, 'હું લોકોની ભલાઈ કરું છું છતાં મારે ગાળો ખાવાની? હવે હું ઉદય નહીં પામું. કોઈ એકાંત ગુફામાં જઈને બેસી જાઉં છું. ઉપકારનો આવો બદલો?'

સુર્યની પત્નીએ કહ્યું, 'મહારાજ, આપના જેવા યશસ્વી રાજાને આવું ચીન્તન શોભા નથી આપતું. શું આપ નથી જાણતા કે તુચ્છ, નીમ્ન કોટીના

ક્ષુધ્ધ માણસોનું તો કામ જ પત્થરો ફેંકવાનું છે, ગાળો ભાંડવાનું છે. આપના જેવા મહાત્માઓએ તો ઉદારતાથી એ બધુ સહન કરવાનું છે અને પોતાનું સેવાકાર્ય ચાલુ રાખવાનું છે.' આપણે આનન્દ ક્યાંથી મેળવી શકીએ એ વીષય પર હજારો પાનાનું સાહીત્ય ઉપલબ્ધ છે; પરન્તુ જ્યાં સુધી આપણી અનન્ત ઈચ્છાઓ સમાપ્ત ન થાય ત્યાં સુધી આપણે સુખી ન થઈ શકીએ. પાંચ સાત યુવાન યુવતીઓના ટોળામાં ચર્ચા ચાલતી હતી, આપણે એને 'લાઈક' આપવાનું ચુકતા નથી, બર્થ–ડે પર વીશ કરીએ, સુન્દર મેસેજ મુકીએ... એણે કોઈ દીવસ આપણા તરફ આવા પ્રતીભાવો મોકલ્યા છે? ઈચ્છાઓ અને અપેક્ષાઓ દુઃખી કરે છે. મને કોઈ સ્વીકારે, મને કોઈનો પ્રેમ મળે તો મને સારું લાગે. સર્વત્ર મારી પ્રશંસા થાય તો મને સારું લાગે, હું સુખી થાઉં... આ ગણતરી અને આ અપેક્ષા માણસને દુઃખી કરે છે.

ડૉક્ટર, વકીલ, પ્રોફેસર, પત્રકાર કે પ્રધાન સૌથી વધારે સુખી છે એવા ભ્રમમાં મોટા ભાગની પ્રજા જીવે છે. જેમની પાસે સૌથી વધારે પૈસા છે એ સૌથી વધારે સુખી છે એ ભ્રમ પણ ખુબસુરત અને સોહામણો છે. આ ભ્રમને કારણ દુઃખી થનારા માણસો થકી અખબાર છપાય છે, તેની જગ્યા ખાલી નથી રહેતી.

જેઓ સાચા અર્થમાં સમાજની સેવા કરે છે, નીઃસ્વાર્થ ભાવથી દીનદુઃખી, ગરીબ અને વંચીતોને શીક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે મદદરુપ થાય છે, તેઓ પણ ઈર્ષ્યા અદેખાઈનો ભોગ બનીને નીંદા–ટીકાનો શીકાર બને છે. સર્વત્ર મારી પ્રશંસા થાય, મને પ્રતીષ્ઠા મળે, મારી સેવાઓની નોંધ લેવાય એવું જો કોઈ માણસ ઈચ્છે તો એણે નીરાશ જ થવાનું છે. સમાજ પાસે શાબાશી અને સ્વીકૃતી મેળવવાની ઝંખના એ દુઃખી થવાનો રાજમાર્ગ છે. જ્યારે ઈચ્છાઓ છોડવાની વાત આવે છે ત્યારે પદ, પ્રતીષ્ઠા, પ્રસીદ્ધી અને પૈસાની

ઈચ્છાઓ ત્યાગવાની સાથે વાસનામોક્ષનો પ્રારમ્ભ થાય છે. ‘ખુરશી’ જતી રહે પછી ભલભલા ચમરબંધો ચન્દ દીવસોમાં ભુલાઈ જાય છે, આપણી પાસે ઉદાહરણો છે. શ્વાસ ખુટી જાય; પરન્તુ ઈચ્છાઓ ન ખુટે એ જ નર્ક છે. ‘નોટબન્ધી’નો સૌથી મોટો લાભ જ એ છે કે ચલણી નોટો ખાઈને જીવતી ઉધઈઓ રાફડો તોડી તોડીને બહાર આવી ગઈ. સંતે પાઠવેલો ઈચ્છાઓ ત્યાગવાનો બોધપાઠ સૌથી વધારે દુન્યવી સુખો ભોગવવા માટે અનૈતીક માર્ગો અખત્યાર કરતા દુર્જનો માટે પાઠવવામાં આવ્યો હોવાનું જણાય છે. આપણી કદી પુર્ણ ન થનારી ઈચ્છોની યાદી બનાવી તેનું તાપણું કરીએ તો શીયાળામાં ભરપુર હુંફ મળવાની સમ્ભાવના છે, આમીન.

મેઘધનુષ

તમે જો જમીન પર સુઈ જવાનું રાખો
તો ગબડી પડવાનો ભય ન રહે.

...ટર્કીશ કહેવત...

04

મોબાઈલના સ્ક્રીન પાછળ સંતાનો ડુબી રહ્યાં છે!

'ચીનના એક રીસોર્ટ પર પોતાના ચાર વર્ષના દીકરાને લઈને આવેલી મહીલા સ્વીમીંગ પુલ મધ્યે મોબાઈલના સ્ક્રીન પર વળગેલી હતી અને એનો માસુમ દીકરો ઉંડા પાણીમાં ડુબી ગયો! 'વૉટ્સએપ ફૉર વૉટ્?' એ પ્રશ્નનો ઉત્તર ઢુંઢવાનો સમય આવી લાગ્યો છે. 'મોબાઈલ–મૅનીઆ'નો શીકાર બનેલાં યુવાન માતા–પીતાઓના ધ્યાન બહાર એમનાં સંતાનો રોજેરોજ ડુબી રહ્યાં છે. ત્રણસોથી વધુ ટીન–એજ તરુણ તરુણીઓ પર હાથ ધરાયેલા અમારા સર્વેક્ષણમાં જણાયું કે તેઓ રોજ સરેરાશ ચારથી છ કલાક મોબાઈલ સ્ક્રીન પર લટકેલા રહે છે. માતાએ બાળક ગુમાવીને મોબાઈલ ભક્તીનું જોખમ વીશ્વને સમજાવ્યું.'

અનુક્રમણીકા

'તમે વૉટ્સએપ પર નથી?' એક પરીચીતે પોતાનો પ્રશ્ન મારા તરફ એવી રીતે ફંગોળ્યો કે જાણે હું મોટો ગુનેગાર હોઉં! મોબાઈલ ફોનના વીવેકોચીત ઉપયોગ માટેની તાલીમ કેટલાં માતાપીતા પોતાનાં સંતાનોને આપે છે? સંતાનોની વાત પછી આવે છે, માતાપીતાઓ સંતાનોને ગુમાવવા પડે એટલી હદે પોતે મોબાઈલ સ્ક્રીન પર કલાકો સુધી ચોંટેલા રહે છે તેનું પ્રમાણ

ચીનના રીસોર્ટ પર બાળક ગુમાવનારી મહીલાએ વીશ્વ સમક્ષ રજુ કર્યું. એક માતા પોતે ચાર વર્ષના બાળકને લઈને સ્વીમીંગ પુલમાં દાખલ થઈ છે એ વાત જ મોબાઈલ પ્રેમમાં ભુલી ગઈ. આશ્ચર્ય અને આઘાત જન્માવે એવી આ દુર્ઘટના છે. 'બાળક ગુમાવનાર પીતા પોતાની પત્નીને માફ કરશે?' એ પ્રશ્ન ગૌણ છે. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે મહીલા, એ માતા બેધ્યાન રહીને બાળક ગુમાવવા બદલ પોતાને માફ કરી શકશે ખરી? આખી દુનીયામાં નીચાજોણું થયું, એક ભુલ થઈ, વહાલા બાળકને ગુમાવવાની નોબત આવી. રાજમાર્ગ પર મદારીઓ ગરદન નીચે મોબાઈલ ફોન દબાવી રૉન્ગ સાઈડ પર વાહન ચલાવતા જોવા મળે છે. આ એક અદ્ભુત દેશ છે, મોબાઈલ ફોનના દુરુપયોગ સન્દર્ભે આપણે 'વર્લ્ડ ચેમ્પીયન' છીએ એવો મારો દાવો છે.

જાણીતા અભીનેતા, નાટ્ય કલાકાર શ્રી. મનોજ નવનીત જોષીનો એક 'વીચાર–તણખો' હવે પછી કોઈ માતાપીતા મોબાઈલ મૅનીઆને કારણે પોતાના સંતાનને ગુમાવે નહીં એવી આશા સાથે અહીં રજુ કરું છું; મૅસેજનું શીર્ષક છે, 'આ એક મૅસેજ પર આખું વૉટ્સએપ કુરબાન!' હમણાં વોટ્સએપ પર એક મૅસેજ આવ્યો. આ જે મૅસેજ છે એ વાંચવા જેવો છે, જીવનમાં ઉતારવા જેવો છે અને એનો અમલ આજથી જ કરવા જેવો છે. પહેલાં એ મૅસેજ વાંચી લઈએ, '4849 ફેસબુક ફ્રેન્ડ્સ, 2225 વૉટ્સએપ કૉન્ટેક્ટ્સ, 1910 ટ્વીટર ફોલોઅર્સ અને ઈન્ટેન્સીવ કેર યુનીટની બહાર 02 વ્યક્તી! મહેરબાની કરી વર્ચ્યુઅલ દુનીયામાંથી બહાર આવી ફૅમીલી સાથે જોડાઓ.' આ આજની વાસ્તવીકતા છે અને આ વાસ્તવીકતા સૌ કોઈની સામે છે. આપણે એ સ્તર પર વર્ચ્યુઅલ દુનીયા સાથે કાલ્પનીક વીશ્વમાં જોડાઈ ગયા છીએ કે આપણી સાથે રહેતા અને આપણે માટે જીવતા લોકોને બહુ પાછળ છોડી ચુક્યા છીએ. (ચાર વર્ષનો વહાલો દીકરો ગયો!)

વૉટ્સએપ, ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ અને એવા બીજા બધા સોશ્યલ મેસેન્જર જ આપણું જગત બની ગયા છે. વાઈફ બાજુમાં બેસીને બે શબ્દની વાત કરવા માટે તડપતી હોય અને આપણે ઑફીસમાં જૉબ કરતી છોકરીઓને જીવન કેમ જીવવું એની સમજણ આપવાનું કામ કરતા હોઈએ છીએ. દીકરો ઘરમાં એક શબ્દ બોલશે એવી અપેક્ષાએ મા આખો દીવસ દરવાજા પર નજર રાખીને બેસી રહે છે અને ઘરમાં આવીને દીકરો ફેસબુક પર 'મધર્સ ડે'ની ચર્ચામાં વ્યસ્ત હોય છે. આવી જ પરીસ્થીતી બાપુજીની છે અને આવી જ અવસ્થા બાળકોની છે. બીજાનાં બાળકોના ફોટોગ્રાફ્સને ફેસબુક પર લાઈક કરવામાં મગ્ન એવા યંગ પપ્પાને ખબર નથી કે તેનું સંતાન તેની પાસેથી હુંફની એક ઘડી માગે છે અને એ તેને આપી શકતો નથી; કારણ કે આ વ્યસન છે અને આ વ્યસનની લત બહુ આકરી બનતી જાય છે. દારુ અને તમાકુનું જે વ્યસન છે એ વ્યસનને હું સોશ્યલ મીડીઆના વળગણની સરખામણીએ હળવું અને નબળું ગણું છું; કારણ કે એ શોધવા જવું પડે છે અને એનું સેવન કરવું પડે છે; પણ આ સોશ્યલ મીડીઆનું વળગણ તો એ સ્તર પર હાજરાહજુર છે કે એને રોકવું પણ હવે અઘરું થઈ ગયું છે. આ વ્યસનમાંથી બહાર આવવાની સજાગતા આપણે જ કેળવવી પડશે. જો એવું ન કરી શક્યા તો આપણે સામાજીક સ્તર પર ખતમ થઈ જઈશું અને એ દીવસો પણ દુર નથી જ.. કારણ કે અત્યારે પણ પરીસ્થીતી તો એવી જ છે કે આપણે બધી દીશાએથી કપાવા માંડ્યા છીએ. વાઈફ પણ આપણો કૉન્ટેક્ટ વોટ્સએપ પર કરે છે અને દીકરીએ પણ પપ્પાના ફોટોગ્રાફને ફેસબુક પર જ લાઈક કરીને સંતોષ માની લેવો પડે છે.

સોશ્યલ મીડીઆનું વળગણ પરીવાર જીવનની પ્રસન્નતાને હણી રહ્યું છે અને સંતાનોનો અમુલ્ય સમય બરબાદ થઈ રહ્યો છે. મીડીઆની પાછળનું

પાગલપન એક રીતે તો પ્રસીદ્ધી માટેની ઘેલછા છે. 'મને કેટલા લાઈક મળ્યા?' આ પ્રશ્ન રાતે બે વાગ્યે પણ યુવાન કે યુવતીને જાગવાની ફરજ પાડે છે. પરીવારના સભ્યો વચ્ચેનું અન્તર વધારવામાં અને સર્વનાશની દીશા તરફનું અન્તર ઘટાડવામાં મોબાઈલ, ફેસબુક અને વૉટ્સએપનું પ્રદાન અકલ્પનીય છે. આ સંજોગોમાં શું થઈ શકે? એકલદોકલ શાણા માણસનો એવો સન્દેશ વાંચવા મળે કે, 'હવે હું વૉટ્સએપ પર નથી' ત્યારે આનન્દ થાય છે કે, હાશ, એક માણસ બચી ગયો!' 'ગ્રૃપ'માંથી નીકળી જતા શુરવીરો પણ અભીનન્દનના અધીકારી છે. 'મહાભીનીષ્ક્રમણ' કરનારા એક પરીચીત યુવાનને મેં પુછેલું, 'આટલો ખુબસુરત સંસાર ત્યાગીને સન્યાસી થઈ જવાનું કારણ?' એમણે એક જ શબ્દમાં જવાબ આપેલો, 'વીતંડાવાદ'. પછી એમણે સામે પ્રશ્ન પુછ્યો, 'એવી બધી પંચાત ડહોળવા માટે પચ્ચીસમો, છવીસમો કે સત્તાવીસમો કલાક ક્યાંથી લાવવો?' પ્રશ્ન તદ્દન સાચો છે. વૉટ્સએપ પર છવાયેલા રહેતા મીત્રો એ માટેનો સમય ક્યાંથી લાવતા હશે? દીકરી, પત્ની કે માતાપીતાને આપવા માટેનો સમય એમની પાસેથી છીનવી લેવાયો!

વૉટ્સએપ કે મોબાઈલ ફોનના ઉપયોગ અંગે પરીવારમાં અને શૈક્ષણીક સંસ્થાઓમાં બાળકોને ટ્રેનીંગ આપવી પડશે. સોશ્યલ મીડીઆ પર સ્થીર થવા માટેનો સમય નીર્ધારીત કરીએ. પરીવારના તમામ સભ્યો આ નીરર્થક પ્રવૃત્તી પાછળ એક કલાકથી વધુ સમય ન વેડફી શકે એવી સ્પષ્ટ સમજ કેળવીએ. જીવન કઈ રીતે જીવવું જોઈએ તેની માહીતી આપતા સંદેશાઓ પર નજર ફેરવી લેવાય પછી અટકવું જોઈએ. દીવસ દરમીયાન હાથ ધરવાના પેન્ડીંગ કામોને અગ્રીમતા આપ્યા પછી સમય બચે તો ટહેલવા નીકળીએ. આધુનીક મીડીઆનો સમ્પુર્ણ બહીષ્કાર શક્ય નથી અને જરુરી પણ નથી. એક વીશાળ ધંધાકીય નેટવર્ક ધરાવતા મીત્રએ જણાવ્યું,

વૉટ્સએપનો ઉપયોગ હું કીંમતી દસ્તાવેજો કે માહીતીની આપ–લે પુરતો મર્યાદીત રાખું છું. ગુડમોર્નીંગ કે ગુડનાઈટ પાઠવીને પરીચીતોનો સમય શા માટે વેડફવો? જીન્દગી કઈ રીતે જીવવી તે બધા જાણે છે, સુવીચારોનો ઢગલો કોઈના આંગણે શા માટે ઠાલવવો? સમય પસાર કરવા માટે વરીષ્ઠ નાગરીકો સોશ્યલ મીડીઆના શરણે જાય ત્યાં સુધી ઠીક છે; પરન્તુ કારકીર્દી – વીકાસના નાજુક તબક્કામાંથી પસાર થતા યુવા મીત્રો આ ગાંજા–અફીણથી દુર રહે એમાં જ એમનું કલ્યાણ છે. ‘ફેસબુક’ પર ફ્રેન્ડશીપ બાંધીને છેતરાયેલા અને મુરખ ઠરેલા માણસોની સંખ્યા વધતી રહી છે. સોશ્યલ મીડીઆ પર લટેકાલા રહેવાના લાભો ગમે એટલા હોય; છતાં પેલી અજાણી યુવતીએ ચાર વર્ષના બાળકને ગુમાવીને આપણને સૌને મહામુલો મૅસેજ પાઠવ્યો છે એવું નથી લાગતું?

મેઘધનુષ

કીતને દુર નીકલ ગયે
રીશ્તોંકો નીભાતે નીભાતે...
ખુદ કો ખો દીયા હમને
અપનોંકો પાતે પાતે...

...હરીવંશરાય બચ્ચન...

05

બીજાને મદદરુપ બનવા માટેની અદ્‌ભુત તરકીબ!

‘એક ગરીબ વૃદ્ધાને મદદરુપ બનવા અજાણ્યા સજ્જને જે તરકીબ અજમાવી તેની કથા અમદાવાદના શ્રી. વીક્રમ દલાલે સુરતના ‘સન્ડે ઈ–મહેફીલ’ વીજાણુ વાચનયાત્રાના પ્રણેતા શ્રી. ઉત્તમ ગજ્જરને મોકલાવી. એમણે એ હૃદયસ્પર્શી પ્રસંગ ‘વાચકો સુધી પહોંચાડજો’ એવી નોંધ સાથે આ લખનારને રવાના કર્યો. જરુરીયાત ધરાવતા માણસોને મદદરુપ બનવા માટેના પ્રયત્નો સમાજમાં નીરન્તર ચાલ્યા કરે છે. કેટલાક તેની જાહેરાત કરે છે, કેટલાક નથી કરતા. પોતાનાં સદ્‌કાર્યોની જાહેરાત કર્યા વગર અજાણ્યા દીન, દુ:ખી માણસોને મદદ કરે છે. અહીં રજુ થયેલા પ્રસંગમાં પણ એક વૃદ્ધ મહીલાને આર્થીક મદદ પહોંચાડવા જેમણે તુક્કો ચલાવ્યો, પોતાનું નામ જાહેર નથી કર્યું.’

અનુક્રમણીકા

અમદાવાદના એક મીત્ર શ્રી. વીક્રમ દલાલની ઉમ્મર છ્યાંસી વર્ષની છે. જીન્દગી કઈ રીતે જીવવી તે સમજવામાં મદદરુપ થાય એવી પ્રેરણાત્મક વાતો વહેતી કરવાનો એમને શોખ છે. એક અત્યન્ત રસપ્રદ પ્રસંગ એમણે સુરતના શ્રી. ઉત્તમ ગજ્જરને મોકલ્યો. અને તેમણે એ પ્રસંગ વાચકો સાથે

વહેંચવા માટે આ લખનાર તરફ રવાના કર્યો છે. પ્રસંગ કંઈક આ પ્રકારનો છે. ‘રસ્તામાં મેં લાઈટના થાંભલા સાથે બંધાયેલો એક કાગળનો ટુકડો જોયો. હું એ પત્ર પર શું લખ્યું છે તે જાણવા આતુર હતો એટલે નજીક ગયો અને એ પત્ર વાંચ્યો. એના પર લખ્યું હતું, ‘મેં રસ્તા પર ક્યાંક મારી પચાસ રુપીયાની નોટ ખોઈ નાંખી છે. જો તમારામાંથી કોઈને એ જડે તો કૃપા કરી મને આ સરનામે પહોંચાડશો. મારી દ્દષ્ટી નબળી છે એટલે મને મદદરુપ થવા મહેરબાની કરશો.’

હું એ સરનામે પહોંચ્યો અને ત્યાં મેં એક ભાંગેલી–તુટેલી ઝુંપડી જોઈ, જેની બહાર એક ડોશીમા બેઠાં હતાં. તેઓ ખુબ નબળાઈ અનુભવતી હતી અને મારો પગરવ સાંભળીને પુછવા લાગી, ‘કોણ છે અહીં?’ મેં કહ્યું, ‘હું આ રસ્તે આવતો હતો ત્યારે રસ્તા પર પડેલી એક પચાસ રુપીયાની નોટ મને મળી એટલે હું તે આપને આપવા અહીં આવ્યો છું.’ મારી વાત સાંભળીને તે રડવા લાગી અને બોલી, ‘ભાઈ, મારી પાસે અત્યાર સુધીમાં ત્રીસ–ચાળીસ લોકો આવી ગયા છે, એમને મળેલી પચાસ રુપીયાની નોટ મને આપવા માટે! તેઓ કહેતા હતા, અમને આ પચાસ રુપીયાની નોટ રસ્તા પરથી મળી છે જે આપની જ હોવી જોઈએ. પરન્તુ મેં તો પેલા લાઈટના થાંભલા પર આવી કોઈ નોંધ લટકાવી નથી. ભાઈ, મને તો બરાબર દેખાતું પણ નથી. મને લખતા વાંચતા પણ નથી આવડતું.’ મેં એ વૃદ્ધ મહીલાને કહ્યું, ‘માજી, એ જે હોય તે; પરન્તુ તમે તો આ નોટ રાખી જ લો.’ વૃદ્ધ મહીલાએ એ નોટ પાછા ફરતી વખતે ફાડી નાખીને રસ્તા પર ફેંકી દેવા મને વીનન્તી કરી, એમણે એ નોટ ન સ્વીકારી.

પાછા ફરતી વખતે મને લાખો વીચારો આવ્યા કર્યા કે આવી નોંધ કોણે લખીને પેલા થાંભલે લટકાવી હશે? એ ડોશીમાએ પોતાને ત્યાં આવેલા

સૌને એ નોટ ફાડીને ફેંકી દેવા વીનન્તી કરી હતી; પરન્તુ કોઈએ એ નોટ ફાડી નહીં હોય! મેં મનોમન પેલી નોંધ લખનારનો આભાર માન્યો. મેં અનુભવ્યું કે આપણે તો કોઈને મદદરુપ બનવાની જરુરીયાત અનુભવવાની છે. એવું કરવા માટેના અનેક માર્ગો ઉપલબ્ધ છે. એ અજાણી વ્યક્તી તો બસ, એકલી રહેતી પેલી વૃદ્ધાને મદદરુપ થવા ઈચ્છતી હતી અને એટલે પેલી નોંધ લખીને લાઈટના થાંભલે લટકાવી દીધી. હું વીચારોની હારમાળા વચ્ચે ઘરે ફરતો હતો અને રસ્તામાં કોઈકે મને અટકાવ્યો અને પુછ્યું, ભાઈ, તમે મને આ સરનામે પહોંચવામાં મદદ કરશો? મને રસ્તામાંથી પચાસ રુપીયાની એક નોટ મળી છે અને મારે એને આ સરનામે પહોંચાડવાની છે!'

આ એક પ્રસંગ છે, કાલ્પનીક પ્રસંગ હોવાની પુરી સમ્ભાવના છે; પરન્તુ માનવતાનો મુલ્યવાન પાઠ ભણાવવાની એની ગુંજાઈશનો વીચાર કરો. આમ જુઓ તો આ એક નનામો પત્ર છે. પરન્તુ એમાં કોઈના ચારીત્ર્યહનનની કોશીશ કરવામાં નથી આવી. કોઈના વીશે ઘસાતું નથી લખાયું. એક વૃદ્ધ મહીલાને મદદરુપ બનવા માટે 'ક્રીએટીવ કીમીયો' અજમાવવામાં આવ્યો છે. જેમણે આ નોંધ થાંભલે લટકાવી હશે એમણે જ માજીના ઘરે જઈને પચાસ રુપીયાની રસ્તામાંથી મળેલી નોટ પાછી આપવાની પ્રક્રીયાનું ઉદ્‌ઘાટન કર્યું હશે. સમાજ કેટલો પરોપકારી છે તે જુઓ, ત્રીસ–ચાળીસ જણ પોતાને મળેલી પચાસ રુપીયાની નોટ માજીને પહોંચાડવા એમના ઘરે પહોંચી ગયા! આ પ્રસંગને વધારે પ્રેરણામય બનાવવા છેલ્લે એક વાક્ય ઉમેરી શકાય, 'નોટબંધી જાહેર થઈ ત્યાર પછીના અઠવાડીયે બનેલી આ ઘટના છે.' એક શીક્ષકને ત્યાં લગ્નપ્રસંગ હતો. પાંચસો અને હજાર રુપીયાની જુની નોટો રદ થઈ પછીની આ વાત છે. મેં એમને રુબરુ મળીને જણાવ્યું, 'પચ્ચીસ હજાર હું આપી શકું તેમ છું. તમને થોડી રાહત થશે.' એમનો જવાબ સાંભળો, 'સાહેબ,

સ્ટાફના મીત્રો અને સ્વજનોની મદદ કરવા માટે લાંબી લાઈન છે. હું મારો પ્રસંગ બે–અઢી લાખમાં સાદાઈથી પતાવવાનો છું. આપનો આભાર; પરન્તુ હમણાં પૈસાની જરુર નથી!’

ઉપરોક્ત પચાસની નોટવાળો પ્રસંગ વધારે પ્રેરણારુપ એટલા માટે બન્યો કે, ‘ગરીબ, ઝુંપડીમાં રહેતાં વૃદ્ધ માજીએ પોતાને મળનારી ત્રીસ–ચાળીસ નોટ એવું કહીને પાછી વાળી કે, ‘મારી કોઈ નોટ ખોવાઈ નથી, મેં એ નોંધ મુકી નથી કે મુકાવી નથી, તમે એ નોટ પાછી લઈ જાઓ અને જતી વખતે રસ્તામાં ફાડીને ફેંકી દેજો!’ ઝુંપડીમાં રહેતી ગરીબ વૃદ્ધા આ પ્રકારની નૈતીકતા ક્યાંથી લાવી હશે? હું જો માધ્યમીક શાળામાં ગુજરાતી વીષય ભણાવતો હોત તો આ લઘુકથાની ‘ફોટો કૉપી’ બધા વીદ્યાર્થીઓને વહેંચીને સુચના આપી હોત કે, ઘરે જઈને પપ્પા–મમ્મી સાથે નીચેના પ્રશ્નો પર ચર્ચા કરજો અને ચર્ચાનો નીષ્કર્ષ નીબન્ધની નોટમાં લખીને લઈ આવજો;

1. આવી નોંધ થાંભલે લટકાવનાર માણસનું ચારીત્ર્ય, એમના સંસ્કાર અંગે તમે શું માનો છો? એને આવો સુન્દર વીચાર ક્યાંથી ઉદ્ભવ્યો હશે?

2. વૃદ્ધ સન્નારીએ પચાસ પચાસની ત્રીસ–ચાળીસ નોટ જતી કરી. તમારા પપ્પાજીને આદરપુર્વક પુછો; હેં પપ્પા, એ વૃદ્ધાને સ્થાને આપ હોત તો શું કરતેં? પપ્પા, આપ મોટા ઑફીસર છો. દીવાળી અને ક્રીસ્ટ્મસ ટાણે ભેટ–સોગાતોથી અને મીઠાઈનાં પેકેટ્સથી ઘર ભરાઈ જાય છે. આપણે પેલી વૃદ્ધા–માજીને ન અનુસરી શકીએ?

3. પેલા ત્રીસ–ચાળીસ દાતાઓએ પછી એ પચાસની નોટનું શું કર્યું હશે? મન્દીરના ગલ્લે પધરાવી દીધી હશે? કોઈ ભુખ્યા ભીખારીને આપી

દીધી હશે? ફાડીને ફેંકી દીધી હશે? આ બધા વીકલ્પોમાંથી કયો વીકલ્પ તમને શ્રેષ્ઠ લાગે છે?

આંખો ભીની થઈ જાય એવા હૃદયસ્પર્શી પ્રસંગો આપણે સોશ્યલ મીડીઆ પર રોજ વાંચીએ છીએ. આ બધી વાતો પરીવારના સભ્યો સાથે બેસીને ચર્ચીએ અને વાગોળીએ તો બાળકોને સંસ્કાર આપવાનું કાર્ય અનાયાસ ચાલ્યા કરે, આમીન.

મેઘધનુષ

ખરી વાત એ છે કે આપણી આખી દુનીયા સ્વભાવે ઉર્મીપ્રધાન છે અને તેથી અશ્રુપ્રધાન પણ છે. મનુષ્ય કશુંક શોધી રહ્યો છે. એ શોધ નીરન્તર છે. એની મુળભુત ઝંખના સત્ય–અહીંસા–કરુણાની નથી. એ ત્રણે બાબતો માનવીના કલ્યાણ માટે ખુબ મહત્ત્વની હોવા છતાંય માનવીય ઝંખના તો ‘પ્રેમ’ની જ છે. આવી ઉર્ધ્વમુલ માનવીય ઝંખનાની રાજધાનીનું નામ ગોકુળ છે. ગોકુળ પ્રેમતીર્થ હતું અને વળી અશ્રુતીર્થ પણ હતું. એ એક એવું અનોખું ગામ હતું જ્યાં વીરહભક્તી અને કૃષ્ણભક્તી સમાંતરે વહેતી હતી.

...ગુણવંત શાહ

06

સ્વજનોની ઉપેક્ષા કરવી એ જઘન્ય અપરાધ છે

'પરીવારમાં કોઈ એક સ્વજનની ઉપેક્ષા થતી હોય એવા બનાવો વધતા જાય છે. ઈરાદાપુર્વક થતી ઉપેક્ષા માણસને અનહદ દુઃખ પહોંચાડે છે અને ક્યારેક આત્મહત્યા તરફ પણ દોરી જાય છે. ક્રુર અને ઘાતકી માણસો જાણતા હોય છે કે અણગમતા માણસને ઉપેક્ષાનો આંચકો આપવો એ તેને આઘાત પહોંચાડવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ઉપેક્ષાનું હથીયાર સૌથી વધારે કોની સામે અજમાવાય છે? પરીવારમાં રહેતા અશક્ત અને રોગગ્રસ્ત વૃદ્ધો, બાળકો, પતી અથવા પત્ની, વર્ગખંડમાં બેઠેલા કેટલાક નીર્ધન અને અભ્યાસમાં પછાત રહેતા વીદ્યાર્થીઓ વારંવાર, ક્ષણે, ક્ષણે ઉપેક્ષાનો શીકાર બને છે. કારણ વગર કોઈની ઉપેક્ષા કરવી એ અક્ષમ્ય અપરાધ છે.'

અનુક્રમણીકા

પરીવારમાં પુત્ર અને પુત્રવધુ મારફતે ઉપેક્ષા પામતા વરીષ્ઠ નાગરીકોનો અભ્યાસ સંશોધન માટેનો શ્રેષ્ઠ વીષય બની શકે. ઉપેક્ષા કોની થાય છે અને ઉપેક્ષા કોણ કરે છે, ઉપેક્ષા માટેનાં સમ્ભવીત કારણો કયાં હોય છે, ઉપેક્ષા કઈ રીતે થાય છે અને ઉપેક્ષાના આઘાતથી બચવા શું કરવું જોઈએ? આ સઘળા પ્રશ્નોના ઉત્તરો ખોળવા બેસો તો આખું પુસ્તક લખી

શકાય એટલું સન્દર્ભ સાહીત્ય પ્રાપ્ત થાય. કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી એક યુવતીની મુંઝવણ હતી, ‘એક છોકરાએ મારી સાથે ત્રણ વર્ષ દોસ્તી રાખી, સમ્બન્ધ વીકસાવ્યો. હવે કૉલેજમાં એ મને ઓળખતો નહીં હોય એ રીતે વર્તી રહ્યો છે. રીતસર મારી ઉપેક્ષા થઈ રહી છે. મારે શું કરવું?’ પંચોતેર વર્ષના એક વરીષ્ઠ નાગરીક ડીપ્રેશનમાં છે. તેઓ લખે છે : ‘હું સાંજે મોટે ભાગે વરીષ્ઠ નાગરીકો સાથે ગાર્ડનમાં સમય પસાર કરું છું. રાત્રે આઠની આજુબાજુ ઘરે પહોંચું ત્યારે પૌત્ર, પૌત્રી, દીકરો અને પુત્રવધુ મહેફીલ જમાવીને બેઠાં હોય છે. જાણે મને જોયો જ નથી એ રીતે મારાં આગમનની નોંધ લીધા વગર એમની ગપસપ ચાલતી રહે છે. હું જાણું છું કે તેઓ ઈરાદાપુર્વક મારી ઉપેક્ષા કરી રહ્યા છે. ગયા અઠવાડીયે સાંજે હું ઘરમાં દાખલ થયો કે તરત પુત્ર અને પુત્રવધુએ બાળકો સાથે ‘લાફીંગ–સેસન’ શરુ કરી દીધું. હું થોડી વાર થોભ્યો; પરન્તુ કોઈએ મારી તરફ નજર સુદ્ધાં ન કરી. હું ભોંઠો પડીને મારી રુમમાં ચાલ્યો ગયો. ત્યાર પછી એકાદ કલાક એ ‘ખેલ’ ચાલુ રહ્યો. મારા ઘરમાં હું પોતાને ‘આઉટ સાઈડર’ મહેસુસ કરી રહ્યો છું.’

સૌથી વધારે પીડા ભોગવી રહ્યાં છે દસ બાર વર્ષથી ઓછી ઉમ્મરનાં સંતાનો જેઓ માતાપીતાની ઉપેક્ષાનો શીકાર બનીને પોતાના જ ઘરમાં નીરાશ્રીતની જેમ જીવન પસાર કરી રહ્યાં છે. સમાજમાં ઉપેક્ષીતોનાં જે જુથો છે તેમાં સૌથી વધુ દયાજનક હાલત સગીર વયનાં સંતાનોની છે. તેઓ ઘર છોડીને જાય તો ક્યાં જાય? ઘર છોડ્યા પછી એમની સલામતીનું શું? પન્દર વર્ષની છોકરી સત્તર વર્ષના બૉયફ્રેન્ડ સાથે ભાગી જાય, શરીર સમ્બન્ધ બાંધે, પોલીસના હાથે ઝડપાઈ જાય તો ચીસો પાડીને કહે છે, ‘મારે ઘરે નથી જવું, છોકરા સાથે જ રહેવું છે.’ ‘છોકરી આવો નીર્ણય શા માટે લે છે?’

પોતાના ઘરમાં એ ઉપેક્ષીત છે... મમ્મી–પપ્પા પોતપોતાનાં પવીત્ર કાર્યોમાં એટલાં તો વ્યસ્ત હોય છે કે સંતાનોને ‘કેમ છો?’ એટલું પુછવાનો સમય પણ એમની પાસે હોતો નથી.

વરીષ્ઠ નાગરીકો અને દમ્પતીઓ, કર્મચારીઓ અને શૈક્ષણીક સંસ્થાઓના વીદ્યાર્થીઓ કોઈની ઉપેક્ષાનો ભોગ બનતા હોય તો એમણે પોતાની એ અવદશાને ચુપચાપ સહન કરવાની જરુર નથી, પોતાની અન્યાયપુર્ણ ઉપેક્ષા સામે ફરીયાદ કરવાનો અને વીરોધ નોંધાવવાનો વીકલ્પ એમણે પસન્દ કરવો જોઈએ. જો કોઈની પણ લાંબા સમયથી ક્રુરતાપુર્વક ઉપેક્ષા થતી હોય તો ઉપેક્ષાપુર્ણ સ્થીતીની ઉપેક્ષા કરવાને બદલે એ સ્થીતીમાંથી બહાર નીકળવાની કોશીશ કરવી જોઈએ. એક શાળામાં નવી નીમણુક પામીને આવેલા શીક્ષકે જોયું કે સ્ટાફ મીટીંગમાં અને મહત્ત્વના કાર્યોની વહેંચણીમાં આચાર્ય ઈરાદાપુર્વક પોતાની ઉપેક્ષા કરી રહ્યા છે. ઉપેક્ષાનું કારણ એટલું જ હતું કે એ શીક્ષક અત્યન્ત પ્રતીભાશાળી હતા અને પોતાની શૈક્ષણીક કારકીર્દીમાં છ સુવર્ણચન્દ્રકો મેળવીને આવ્યા હતા. આપણા સમાજમાં – અને દેશમાં પણ – કોઈ અત્યન્ત પ્રતીભાશાળી હોય તો એને અક્ષમ્ય અપરાધ લેખવામાં આવે છે. આ ગુનાની એક જ સજા છે, ‘એમની ઉપેક્ષા કરો, એમનો બહીષ્કાર કરો અને એમને શાળા કે કૉલેજ છોડીને ભાગી જવું પડે એવી સ્થીતીનું સર્જન કરો.’ ચર્ચા હેઠળના શીક્ષકે નોકરી છોડીને ભાગી જવાની ભુલ ન કરી. ‘ઉપેક્ષા એટલે જ અન્યાય’ એવા શીર્ષક હેઠળ એણે સંચાલક મંડળને આચાર્ય તરફથી થતી ઉપેક્ષાનો ચીતાર દર્શાવતો લામ્બો પત્ર લખી મોકલ્યો. શીક્ષકને ત્રાસ આપવા માટે આચાર્યનો જવાબ માંગવામાં આવ્યો અને એમને વર્તન સુધારવા માટે ગમ્ભીર ચેતવણી

આપવામાં આવી. શીક્ષકની યાતનાનો અન્ત આવ્યો અને એમનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું.

વરીષ્ઠ નાગરીકો તથા પતી કે પત્નીની પરીવારમાં થતી ઉપેક્ષા ત્રણ હેતુઓ ધરાવે છે :

1. એમને નીરન્તર ઉપેક્ષા કરીને સતત માનસીક ત્રાસ આપવો જેથી એમનો નૈતીક જુસ્સો તુટી જાય.

2. ઉપેક્ષાના ત્રાસથી કંટાળીને તેઓ ઘર છોડીને ભાગી જાય, વૃદ્ધાશ્રમમાં જઈને રહે અથવા ડીવોર્સ લઈ લે, સમ્બન્ધ તોડી નાંખે.

3. એમને કંટાળીને હારી થાકીને આત્મહત્યા કરવા તરફ ધકેલવા.

જ્યારે પરીવારમાં રહેતા સ્વજનો દ્વારા અથવા ઑફીસમાં નેતૃત્વ પુરું પાડતા 'બૉસ' દ્વારા સાતત્યપુર્ણ ઉપેક્ષા થતી રહે ત્યારે સમજી લેવું કે આપણને નોકરી, ઘર કે જીન્દગી છોડાવવા માટેની એ વ્યુહરચના છે. પલાયનવાદ આચરવાને બદલે સંજોગોનો મુકાબલો કરવાનો વીકલ્પ વધારે સારો અને સાચો છે.

જ્યારે પોતાના જ પરીવારમાં કે સેવા આપતા હોઈએ તે સંસ્થામાં ઉપેક્ષાનો ભોગ બનીએ ત્યારે નીચેના ઉપાયો અજમાવી શકાય :

- ઉપેક્ષા માટેનું કારણ આપણે તો નથી ને? એ તપાસી લેવું અને જરુર લાગે તો આપણા વર્તનવ્યવહારમાં સુધારો કરવો.

- ચુપચાપ સહન કર્યા કરવાને બદલે એવું કરનાર સાથે ચર્ચા કરો અને 'મારી ઉપેક્ષા થતી હોવાથી હું હર્ટ થાઉં છું અને અનહદ દુઃખ અનુભવું છું' એવી લાગણી વ્યક્ત કરો.

- જો ઉપેક્ષા કરનારાઓનાં વર્તનમાં ફેરફાર ન આવે તો આત્મસન્માન સચવાય તે માટેના વીકલ્પો વીચારો. પરીવારમાં ઉપેક્ષા પામીને કે અપમાનીત થઈને દુઃખ અનુભવતા વરીષ્ઠ નાગરીકો સંજોગોને આધીન પરીવારથી અલગ થવાનું વીચારી શકે. કામના સ્થળે થતી ઉપેક્ષા ટાળવા અન્ય સારું સ્થાન શોધી લેવાનો વીકલ્પ ખુલ્લો હોય છે; પરન્તુ પરીવારમાં સ્વજનોને છોડીને અલગ થવાનું ધારીએ છીએ એટલું સહેલું નથી. વારંવારની વીનન્તીઓ પછી પણ ઉપેક્ષા અને અપમાન સહન કરવા પડતા હોય તો મન કઠણ કરીને ત્યાંથી ભાગી છુટવું સારું.

- ઉપેક્ષા પામનારે આત્મહત્યાનો વીચાર કદી ન કરવો જોઈએ. આત્મહત્યા સીવાયના અનેક વીકલ્પો ઉપેક્ષીતો સામે ખુલ્લા હોય છે. પ્રયત્નો કરવાથી મદદ અને માર્ગદર્શન મળી રહેશે.

- ઉપેક્ષા કરનારાઓનાં કૃત્યોથી દુઃખી થયા કરવાને બદલે જેઓ તમને આદરપુર્વક આવકારવા તૈયાર બેઠા છે એ વીશાળ વીશ્વમાં પ્રવેશવા માટે તૈયાર થઈ જાઓ.

જેઓ પોતાના સ્વજનની કે વફાદાર, પ્રતીભાશાળી કર્મચારીની ઉપેક્ષા કરે છે તેઓ હમ્મેશાં એક વાત યાદ રાખે; ઉપેક્ષા કરવી, શાંત અને નીઃશબ્દ ઉપેક્ષા કરવી એ મહાપાપ છે. તેમાંયે વૃદ્ધ માતાપીતાની કે વીધવા

માતાની ઉપેક્ષા કરવી એ તો અત્યન્ત નીચ, અમાનવીય કૃત્ય છે. જેઓ પોતીકાઓની ઉપેક્ષા કરી રહ્યા છે તેઓ કાળક્રમે પોતીકાઓ થકી જ ઉપેક્ષાને પામશે એ હમ્મેશાં યાદ રહે, આમીન.

મેઘધનુષ

હું જજમેન્ટલ કેમ થઈ જાઉં છું? હું માનું છું કે મારી અન્દર શું ચાલે છે, હું બહાર શું કરું છું, મારા ઈરાદા શું છે, મારી ભુલો કઈ રીતે પ્રાથમીક અને નીર્દોષ છે, ખામીઓ છતાં હું કેટલી ચાહવા યોગ્ય વ્યક્તી છું, તે બધું કોઈ પુરેપુરું સમજી જ ન શકે. તો પછી હું બીજાઓને આ બધી બાબતે કેવી રીતે જજ કરી શકું? અન્ય વ્યક્તીઓને માપવા–મુલવ્યા કરવાનો અભીગમ છેવટે મારા પલાયનવાદનો જ સુચક છે? જજમેન્ટલ થવું કેટલું હીન છે તે અગર મને સમજાય તો જ હું બદલાઈ શકું.

...સંજીવ શાહ

07

આપણે કદી વૃદ્ધ થવાના નથી એવું શી રીતે માની લેવાય?

'વૃદ્ધ માતાપીતાને પુત્ર અને પુત્રવધુ દ્વારા માનસીક અને શારીરીક ત્રાસ આપવાના કીસ્સા વધી રહ્યા છે. તેમાંયે વૃદ્ધ પીતા એકલા જ બચ્યા હોય ત્યારે એમને સતાવવાની દીકરા વહુની હીમ્મત ઉછળીને આસમાને પહોંચે છે. બે ટંક સુખેથી ખાવાનું ન મળે, માંદગી સમયે ડૉક્ટરની સારવાર ન અપાય, ઘરમાં સગીર વયના પુત્રપુત્રીઓને દાદાદાદી સાથે વાતો કરવાની મનાઈ ફરમાવવામાં આવે વગેરે ફરીયાદો સમ્ભળાયા કરે છે. સામાજીક સમારમ્ભોમાં જવાનું હોય કે ટુંકા પ્રવાસે જવાનું હોય ત્યારે વૃદ્ધ માતાપીતાને ઘરમાં કેદ કરીને જવામાં આવે એ પ્રકારની વાતો સાંભળવામાં આવે છે. જેઓ વૃદ્ધ માતાપીતાને સતાવે છે એમને એક જ પ્રશ્ન પુછવાનો થાય છે, તમે કદી વૃદ્ધ નથી થવાના એવું શી રીતે માની લીધું?'

અનુક્રમણીકા

ત્રણેક વર્ષ પુર્વે અખબારોમાં એક સમાચાર પ્રગટ થયા હતા, 'પોતાની વૃદ્ધ માતાને ભયાનક માનસીક યાતના આપવા માટે તથા ધમકીઓ

આપવા માટે મહાદેવ નાઈક નામના શખ્સની ધરપકડ કરી પોલીસે એમની સામે ફોજદારી કેસ દાખલ કર્યો છે. અમીત શીરોડકર નામના આડત્રીસ વર્ષના યુવાનની સામે પોલીસે પીતાજીની મીલકત પડાવી લેવા માટેનો કેસ નોંધ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. પીતાને મારી–ધમકાવીને અમીતે પીતાની મીલક્ત પોતાના નામે ચડાવી દીધી હતી.’ ‘મૅડમ’ના ઈશારે પતીદેવો આ બધા જુલમોસીતમ વૃદ્ધ માતાપીતા પર ગુજારતા હોવાની શક્યતા નકારી ન શકાય.

ગયા અઠવાડીયે સીત્તેર વર્ષના એક વરીષ્ઠ નાગરીકે લાંબો પત્ર લખીને પોતાની વેદના ઠાલવી છે. પત્રનો સારાંશ જોઈએ, ‘પત્નીનું અવસાન થયા પછી મારી કમબખ્તી શરુ થઈ. પુત્રવધુએ યાદ રાખી રાખીને મારી ભાવતી વાનગીઓ બનાવવાનું બન્ધ કર્યું. પત્ની હયાત હતી ત્યારે વૃદ્ધ પતીના ગમાઅણગમા ધ્યાનમાં રાખીને રસોઈ તથા નાસ્તો બનાવતી. જો કે, આવી છુટ લેતી વખતે વહુના મહેણાંટોણાં તો સાંભળવા જ પડતા. પત્નીના મૃત્યુ પછી બધું બન્ધ થઈ ગયું. આપે સલાહ આપી હતી તે અનુસાર સવારે અને સાંજે બીજીત્રીજી વારની ચા બહાર નીકળીને પી લઉં છું. ઘરે આવેલા સમવયસ્ક મીત્રોને કદી ચાની ઑફર કરી શકતો નથી. પુત્રવધુનો વીકરાળ ચહેરો જોઈને એવી ઈચ્છાને દફનાવી દઉં છું. (‘અડધો કપ ચા મેળવવા માટે અપમાનીત થવાનો આનન્દ’ એ વીષય પર રોમાચંક નીબન્ધ લખી શકાય!) હું રોજ પ્રભુને પ્રાર્થના કરતો કે મને જીવાડે ત્યાં સુધી મારી યાતનાઓ ઓછી થાય એવું કંઈક કર. છેવટે, મારી પ્રાર્થના સાંભળવામાં આવી. એક ચમત્કાર થયો. મારી પુત્રવધુના ભાઈનાં લગ્ન થઈ ગયાં. ઘરે રાક્ષસી સ્વભાવ ધરાવતી ભાભીનું આગમન થયું. પુત્રવધુની ભાભીએ તો પહેલા જ દીવસથી સાસુસસરાને અસહ્ય ત્રાસ આપવા માંડ્યો. આવા સારા સમાચારોને

સમાજમાં પ્રસરતા વાર નથી લાગતી. એક દીવસ મારાથી ગુસ્સામાં દીકરાને કહેવાઈ ગયું, 'તારી મૅડમને કહેજે, હવે મારા શરીર અને મન પર સોળ પડશે તો ત્યાં એનાં મા–બાપના શરીર પર ચકામા દેખાશે. વેરની વસુલાત કરનારી તેના ઘરે આવી પહોંચી છે.' મેં દીકરા સાથે તેની મૅડમને બીજો મૅસેજ પણ મોકલ્યો, 'તારાં મા–બાપ સાથે તારી ભાભી પ્રેમ અને આદરથી વર્તે એમ તું ઈચ્છે છે ને? તો પછી, અહીં મને આદર આપવામાં તેને તકલીફ કેમ થાય છે?' હું એટલો બધો ઘવાયેલો છું, દુભાયેલો છું કે દીલની વાતો હોઠો પર આવી જ ગઈ, સાહેબ. મૅસેજ પહોંચ્યો, તીર બરાબર નીશાના પર લાગ્યું. મારી પુત્રવધુએ વર્તન બદલ્યું, મારા દીવસો બદલાઈ ગયા, મારી યાતનાઓનો અન્ત આવ્યો.' જે પરીવારોમાં વૃદ્ધ માતા–પીતાને પત્નીના ઈશારે અસહ્ય ત્રાસ આપવામાં આવે છે ત્યાં પુત્ર અને પુત્રવધુએ પોતાને માત્ર એક પ્રશ્ન પુછવાની જરુર છે, **'શું અમે કદી વૃદ્ધ થવાના જ નથી?'** કર્મનો સીદ્ધાન્ત માણસે કદી ભુલવો ન જોઈએ.

વૃદ્ધ માતાપીતાઓ સાથે કેવું વર્તન થાય છે તેના ત્રણ કીસ્સાઓ અહીં રજુ કરું છું. આમ તો, આ બધી વાતો જાણીતી છે, પ્રચલીત છે, છતાં **અહીં એવા ઈરાદે એ વાતો પ્રસારીત કરું છું કે આપણને આ સ્થીતી બદલવા માટેની ઈચ્છા જાગે.**

• એક માતાપીતાને છ પુત્રો છે. જ્યારે પીતા નીવૃત્ત થયા, વૃદ્ધ થયા એટલે દીકરાઓએ માતાપીતાને પોતાને ત્યાં રાખવા બબ્બે મહીનાના વારા બાંધ્યા. છએ છ પુત્રોએ કાર્યક્રમ ડાયરીમાં નોંધ્યો, વૃદ્ધ માતાપીતા જાન્યુઆરી–ફેબ્રુઆરીમાં કયા પુત્રને ત્યાં આશરો લેશે, માર્ચ–એપ્રીલમાં કોને ત્યાં જવાનું, મે–જુનમાં કોનો વારો આવશે... સમયપત્રક તૈયાર થઈ ગયું. બે વર્ષ બધું બરાબર ચાલ્યું. ત્રીજા વર્ષે તોફાન મચ્યું. મે–જુનમાં માતાપીતા જ્યાં

રહેતા હતા એ પરીવારની મૅડમે બુમરાણ મચાવી, ‘દર વરહે ડોહા–ડોહીઓને અમારે જ કેરી ખવડાવવાની, રસપુરી ઝોંહવાના... અમે કંઈ ઠેકો લીધેલો છે હું? સમયપત્રક ચેન્જ કરો!’ એ જ રીતે, સપ્ટેમ્બર–ઑક્ટોબરવાળી મૅડમે પણ ફરીયાદ નોંધવી, ‘દીવાળીમાં સારા દાડામાં અમારે ફરવા–બરવા જવાનું કે ની જવાનું? અમારું તો આખું વેકેશન વેડફાઈ જાય છે... આવું નહીં ચાલે... સમયપત્રક બદલાતા રહેવું જોઈએ!’

●● એક વૃદ્ધ દમ્પતીની ફરીયાદ છે, ‘અમારા બે દીકરાઓ છે. બન્ને સુપુત્રોએ પન્દર–પન્દર દીવસ વહેંચી લીધેલા છે. ફેબ્રુઆરી મહીનો બન્ને દીકરાઓને બહુ વહાલો લાગે, પન્દરના ચૌદ થઈ જાય એટલે; પરન્તુ જાન્યુઆરી, માર્ચ, મે જેવા એકત્રીસમી તારીખ ધરાવતા મહીનાઓ ઉલ્કાપાત મચાવે. એકત્રીસમી તારીખે મા–બાપ કોના? અમને અડધો દીવસ વહેંચવાની વાતો ચાલે છે. અમે વીરોધ કરીને કહ્યું, અમને એવું નહીં ફાવે, સૌથી સારું એ છે કે અમને વૃદ્ધાશ્રમમાં મુકી આવો.’ બન્ને પુત્રોની મૅડમ તાડુકીને બોલી, ‘હજુ અમારે દીકરાને પરણાવવાનો છે, દીકરીને ઠેકાણે પાડવાની છે, તમને કંઈ ‘લાજશરમ’ જેવું છે કે નહીં? જરી સમાજનો તો ડર રાખો!’ વૃદ્ધ દમ્પતી પુછે છે, સાહેબ, ‘લાજશરમ’ જેવો ભારેખમ શબ્દ અને સમાજનો ડર રાખવાની વાત મા–બાપને વહેંચતી મૅડમના મોઢે શોભે છે કે?’

●●● એક વૃદ્ધ દમ્પતી ત્રણ દીકરાઓને ત્યાં વહેંચાયેલું છે. પહેલી તારીખે વૃદ્ધ માતાપીતા સવારે ઉઠે પછી ઘરમાં ‘ટુથપેસ્ટ’ વાપરવાની એમને છુટ નથી! બીજા પુત્રને ત્યાં પહોંચ્યા પછી ત્યાં જ બધું પતાવવાનું એવી સ્પષ્ટ સુચના છે. (અહીં પ્રશ્ન ટુથપેસ્ટનો નથી, ત્યાર પછી જે ચા પીવડાવવી પડે તેનો છે. ‘મૅડમ’ બે કપ ચા કેટલાની થાય તેનો હીસાબ તો માંડે જ ને!)

આ બધી વાતો એટલા માટે ચર્ચવી પડી કે આપણે કેટલી બધી પ્રગતી કરી છે તેનો ખ્યાલ આવે. બીજી તરફ સૌરાષ્ટ્રનો એક પીસ્તાળીસ વર્ષનો ઉદ્યોગપતી મુમ્બઈમાં રહે છે. તેમના વર્તનવ્યવહારની પણ નોંધ લઈએ. એક લગ્ન સમારમ્ભમાં ભેગા થઈ ગયા તો એમણે કહ્યું, 'વૃદ્ધ માતાપીતા દેશમાં જ રહે છે. અમે ખુબ આગ્રહ કર્યો કે મુમ્બઈ અમારી સાથે આવીને રહો; પરન્તુ એક જ જવાબ મળે છે, 'ભાઈ, જીન્દગી આખી ગામડાંમાં ગઈ. મારા મીત્રો, બાનું મહીલામંડળ... એ બધું છોડીને મુમ્બઈ આવીએ તો અમને ત્યાં ગોઠે જ નહીં.' અમે માતાપીતાની ઈચ્છાને આદર આપ્યો છે; પરન્તુ પ્રત્યેક દીવાળીમાં એમણે પન્દર વીસ દીવસ મુમ્બઈ અમારે ત્યાં આવીને રહેવું એવો નીયમ બનાવ્યો છે. અમે એમને કહી રાખ્યું છે, 'બાપુજી, તમે તમારી સાથે તમારા બે પાંચ ભાઈબન્ધોને લઈને મુમ્બઈ આવો, બા પણ એમની સહેલીઓને લઈને આવે... આપણો બંગલો ખુબ મોટો છે અને અમારું દીલ તો એનાથીયે મોટું છે. તમારા બધાની તમામ સગવડો સચવાશે, દેવદર્શન કરજો, સત્સંગ કરજો અને મુમ્બઈમાં ફરજો.' અમારી એક પણ દીવાળી એવી નથી ગઈ કે જ્યારે બા–બાપુજી મુમ્બઈ ન આવ્યા હોય. બે–ત્રણ વખત અમે દીવાળી ઉજવવા બાપુજી સાથે ગામડે જઈને રહ્યા હતા.' એ ઉદ્યોગપતીના ઘરમાં 'મેંડમ' નહીં હોય, 'ધર્મપત્ની' હશે, એટલે આ ચમત્કાર સર્જી શકાયો છે એવું નોંધવાની જરુર ખરી?

મેઘધનુષ

ભગવાનની સેવા કરવાથી માતા–પીતા મળે કે નયે મળે;
પરન્તુ માતા–પીતાની સેવા કરવાથી ભગવાન જરુર મળશે.

…અજ્ઞાત

08

વર્કાહોલીક બનવાથી બચીએ

‘વર્કાહોલીક હોવું એ ગુણ છે કે અવગુણ? એક એવી વ્યાપક ગેરસમજ પ્રવર્તે છે કે વર્કાહોલીક હોવું એ ખુબ પુજનીય સદ્‌ગુણ છે. માણસે વર્કાહોલીક શા માટે બનવું પડે ત્યાંથી વર્કાહોલીક માણસો સામેનું તહોમતનામું શરુ થાય છે. ‘હું ખુબ કામગરો છું, મને એક મીનીટની પણ ફુરસદ નથી હોતી’ એવું બોલવું એ ફેશન થઈ ગઈ છે. જે માણસો આયોજનપુર્વક, પુરી નીષ્ઠાથી ધ્યાન કેન્દ્રીત કરીને કાર્ય કરે છે એમણે કદી ‘વર્કાહોલીક’ બનવું પડતું નથી.’

અનુક્રમણીકા

1968માં વેઈન ઓટ્સ દ્વારા સૌપ્રથમવાર વર્કાહોલીક શબ્દ એવા માણસો માટે પ્રયોજવામાં આવ્યો જેઓ રાત, દીવસ, ટાઢ, તડકો કે વરસાદ જોયા વગર ખુબ કામ કરતા હોય. 1990માં આ શબ્દ વધારે પ્રચલીત થયો. વીસમી સદીના છેલ્લા બે દાયકાઓ દરમીયાન કારકીર્દીનો પ્રારમ્ભ કરી રહેલી યુવાપેઢીને વર્કાહોલીક બનવા માટેની સલાહ બધી દીશાઓમાંથી સાંપડવા માંડેલી. અમેરીકાની એક વીશાળ ઔદ્યોગીક કમ્પનીના સીઈઓનું ઉદાહરણ વ્યક્તીત્ત્વ વીકાસની તાલીમ દરમીયાન વારંવાર અપાતું. આ મહાશય રોજ અઢાર કલાક ઑફીસનું કામ કરતા. એક દીવસ તો એમણે સત્તાવીસ કલાક કામ કર્યું. આખા દીવસના ચોવીસ કલાક કામ કર્યા પછી

તેઓ અમેરીકાના એક છેડેથી બીજે છેડે વીમાનમાં ઉડીને ગયા. બન્ને સ્થળ વચ્ચે સમયમાં ત્રણ કલાકનો તફાવત હતો. તેઓ જ્યાં ગયા ત્યાં સમય ત્રણ કલાક પાછળ દોડતો હતો. વીમાનમાં બેસીને ત્રણ કલાક એમણે ઑફીસનું કામ કર્યું અને વધારાનો સમય એમને બોનસમાં મળ્યો. એકવીસમી સદીના પ્રારમ્ભ સાથે 'વર્કાહોલીક' હોવું એ ગુણ નથી; પરન્તુ અવગુણ છે એવી ચર્ચાએ ઉપાડો લીધો. ભારતમાં આ અવગુણથી પીડાતાં માણસોની સંખ્યા ખુબ ઓછી છે એટલે ઝાઝી ચર્ચાને કે ચીંતાને અવકાશ નથી; પરન્તુ અમેરીકા, કેનેડા, ઑસ્ટ્રેલીયા, જાપાન વગેરે દેશોમાં તો નાગરીકોને વર્કાહોલીક બનવાથી કેમ બચવું તેની રીતસર તાલીમ અપાય છે. જાપાનમાં અનહદ કામ કરવાની આ આદતને જલદી મૃત્યુ તરફ દોરી જતી ગમ્ભીર સામાજીક સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. 2000ની સાલમાં જાપાનના તત્કાલીન વડાપ્રધાન કેઈઝો ઓબુચીનું માત્ર બાસઠ વર્ષની ઉમ્મરે અવસાન થયું તેનું એક કારણ કામની અતીશયતા હતું. છેલ્લા બે દાયકા દરમીયાન 'વર્કાહોલીક' પોતાના અંગત જીવનમાં શું શું ગુમાવે છે તે વીષય પર ખુબ લખાયું અને ચર્ચાયું છે.

'હું વર્કાહોલીક છું. રાત્રે બબ્બે ત્રણ ત્રણ વાગ્યા સુધી કામ કરું છું. મારી ઑફીસ પણ રાત્રે અગીયાર સુધી ખુલ્લી હોય છે.' એવું ગર્વથી બધા સમક્ષ ગાજી ગાજીને બોલનારા માણસો પોતાને હીરોમાં ખપાવવાનું બન્ધ કરે એવી ચેતવણી આપીને જેસોન ફ્રીડ અને ડેવીડ હેનસન પુછે છે; "તમારી ઑફીસમાં કે તમારા ઘરમાં મધ્યરાત્રીએ દીવા બાળવાની જરુર કેમ ઉભી થઈ, મહાશય? તમે જો 'વર્કાહોલીક' છો તો તમે સ્ટુપીડ છો, મુરખના સરદાર છો; કારણ કે નીર્ધારીત સમયમાં ગુણવત્તા જાળવીને કામ કેવી રીતે પુરું કરવું તે તમને આવડતું નથી." મનોવીજ્ઞાનીઓ ભારપુર્વક જણાવે છે કે

વ્યસન કામનું હોય કે શરાબનું... એવા માણસનો વીનાશ નક્કી છે. વધારે કલાક કામ કરવાનો અર્થ એ નથી થતો કે 'વર્કાહોલીક' કંઈ વધારે પામે છે યા વધારે ગુણવત્તા સાથે પોતાનું કામ પુરું કરે છે. 'વર્કાહોલીક' આળસુ હોય, કામને ટાળ્યા કરતો હોય, હું કેટલું બધું કામ કરું છું એવો દમ્ભ અને દેખાડો કરવા મોડી રાત સુધી ઑફીસમાં પડ્યો–પાથર્યો રહેતો હોય એવો પુરો સમ્ભવ છે.

કોઈ એક માણસ 'વર્કાહોલીક' કેમ બને છે? આ રહ્યા તે માટેનાં કારણો :

- કાર્ય કે પ્રકલ્પ અંગે પ્રારમ્ભીક વીચારણા કરવામાં જ લાંબો સમય વેડફાઈ જાય.
- દૃઢ નીશ્ચયશક્તી ન હોવાથી દ્વીધા અને સંશયમાં સમય ખવાઈ જાય.
- સમયનું વ્યવસ્થાપન નબળું હોય એટલે નીરર્થક વાતોમાં સમય વહી જાય, કામોની અગ્રીમતા અંગે પણ અસ્પષ્ટતાઓ હોય.
- મુખ્ય કાર્ય બાજુ પર મુકીને બીજા ગૌણ કામોને હાથ પર લેતા રહેવાની આદત હોય.
- જેસોન અને હેનસન પોતાના 'રીવર્ક' નામના પુસ્તકમાં લખે છે, 'વર્કાહોલીક' એટલે એવો કામગરો માણસ જે વધારે કામ નથી કરતો, કામ પાછળ વધારે કલાકો વેડફે છે. એમને સમસ્યા ઉકેલવામાં રસ નથી હોતો; સમસ્યાઓ ઉભી કરવામાં દીલચશ્પી હોય છે, જેથી એ સમસ્યાઓ સાથે માથું ફોડવામાં મધ્યરાત્રીનો દીવો બાળી શકાય. 'વર્કાહોલીક' જો કામમમાંથી વહેલો પરવારી જાય તો એને બીચારાને

અપરાધગ્રંથી સતાવે છે, 'હેં, હું આટલો બધો જલદી ફ્રી થઈ ગયો? (ઘરે પત્ની અને બાળકોની વચ્ચે જઈને બેસવું પડશે!) 'વર્કાહોલીક' દીવસના અઢાર–વીસ કલાક કામ કરીને, રાત્રે બબ્બે વાગ્યા સુધી જાગરણ કરીને શું મેળવતો હશે, કોઈ નથી જાણતું, શું શું ગુમાવે છે તેની લાંબી યાદી પર નજર ફેરવીએ...

'વર્કાહોલીક'ના શારીરીક અને માનસીક સ્વાસ્થ્ય પર મોટું જોખમ તોળાતું હોય છે. તેઓ ધીમે ધીમે પોતાના પરીવારને પણ ગુમાવે છે. સ્વાસ્થ્ય જતું રહે, જીવનસાથી અને બાળકો ગુમરાહ થઈ જાય તો પછી બચે શું? કામોના ઢગલા વચ્ચે ફસાઈ ગયેલો વર્કાહોલીક ધીમે ધીમે સામાજીક સમ્પર્કો ગુમાવતો જાય છે. મીત્રો, સમ્બન્ધીઓ અને સ્વજનોને સમય અને સ્નેહનું ખાતર પુરું ન પડાય ત્યારે સમ્બન્ધનો છોડ મુરઝાઈ જાય છે.

પ્રત્યેક માણસે પોતાની આખા દીવસની પ્રવૃત્તીઓનું પૃથક્કરણ કરીને સતત નક્કી કર્યા કરવું જોઈએ કે હું 'વર્કાહોલીક' તો નથી બની ગયો ને? સવારે આઠ વાગ્યે ઘર છોડીને રોજ રાત્રે અગીયાર પછી ઘરે પહોંચતો શખ્સ શા માટે અને કોને માટે એ બધા ઉધામા કરતો હોય છે? અંગ્રેજી માધ્યમની શાળામાં સાતમા ધોરણમાં ભણતી છોકરીએ સતત અગીયાર દીવસ સુધી પીતાજી સાથે મુલાકાત ન થઈ ત્યારે બારમાં દીવસે રાત્રે સાડા અગીયાર વાગે ઘરમાં પ્રવેશતા પીતાને અટકાવી પુછ્યું હતું; 'તમે રોજ રાત્રે બાર વાગે ઘરે આવો છો તો તમને દીકરી સાથે વાત કરવાની, તેને મળવાની ઈચ્છા નથી થતી?' પીતાએ કહ્યું, 'દીકરી, આપણો મેડીકલ સ્ટોર ચાલે છે. શૉપ વહેલી બન્ધ થઈ જાય તો કસ્ટમર્સ બીજે ચાલ્યા જાય!' પુત્રીએ કહ્યું, 'તો પછી ઘરે જ શા માટે આવો છો? ચોવીસ કલાક શૉપ ખુલ્લી રાખો. પરીવાર

અને બીઝનેસ વચ્ચે પસન્દગી કરી લો; નહીં તો તમારે અમને ગુમાવવા પડશે.’

‘વર્કાહોલીક’ પ્રકૃતીના માણસો પરીવારથી બચવા માટે કામ ખુબ રહે છે એવા બહાના હેઠળ બહાર રખડતાં–ભટકતાં રહે છે એવો આરોપ પશ્ચીમના મનોવીજ્ઞાનીઓ દોહરાવતા રહ્યા છે. આપ અત્યારે ક્યાં છો? રાત પડવા આવી છે, પરીવારના સભ્યો આપની રાહ જોઈ રહ્યા છે.

મેઘધનુષ

સ્પર્શ એ બીજું કાંઈ નથી
પણ
મૌનની ગહનતમ ભાષાનો
સરળ અનુવાદ છે

…અજ્ઞાત…

09

યુવાનો માટે અતી મુલ્યવાન ઉપદેશ : વીલ ડ્યુરાં તરફથી

"પોતાની સમક્ષ પરસ્પર વીરોધી એવી વીચારધારાઓ રજુ થાય ત્યારે યુવાનો મુંઝવણ અનુભવે છે. યુવાનોને ગુમરાહ કરે એવા વીચારો અને લખાણો પ્રગટ થતાં રહે છે. યુવાનોને સમજાતું નથી કે કોણ સાચું છે અને શું સાચું છે! યુવાનો શાશ્વત મુલ્યોનો આદર કરતા નહીં શીખે તો એમનું અને સમાજનું ભવીષ્ય વધુ અન્ધકારમય બને એવો સમ્ભવ છે. આપણે ઉત્કૃષ્ટ ભારતીય સંસ્કૃતીને ભાંડવા તરફ વળી રહ્યા છીએ ત્યારે એક વીદેશી તત્ત્વચીન્તક જીવનનાં મુલ્યો વીશે શું વીચારે છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. યુવાનોએ હૃદયની ફ્રેમ પર કોતરી રાખવા જેવો આ ઉપદેશ છે."

અનુક્રમણીકા

સપ્ટેમ્બર, 1992નાં 'કબીરવાણી' સામયીકમાં એક અદ્ભુત લેખ છપાયો હતો લેખનું શીર્ષક છે, 'યુવાનોને શીખ' અને યુવાનોને ઉદ્દેશીને લખાયેલો એ પત્ર વીલ ડ્યુરાંનો છે. મુળ અંગ્રેજી પાઠ એમાં પ્રસીદ્ધ થયો છે અને મારા મીત્ર ડૉ. અશ્વીન દેસાઈએ કરેલો એ લેખનો ભાવાનુવાદ પણ

એમાં છપાયો છે. 'કબીરવાણી'નાં સૌજન્યથી એ લેખ યુવાનમીત્રોના લાભાર્થે અહીં પ્રસ્તુત કરું છું :

મને એક ફરજ સોંપવામાં આવી છે. એને હું શક્ય એટલી નમ્રતાથી અદા કરીશ. હું શાણો કે વ્યવહારકુશળ છું એ કારણે તમને શીખ આપવાનું સાહસ કરતો નથી; પણ તમારી સાથે ભણતા એક વીદ્યાર્થી તરીકે સલાહ આપું છું. ઘડપણની નબળાઈઓથી ઘેરાયેલો છતાં; હું તમારી જેમ દરરોજ કંઈ નવું શીખવા ઉત્સુક રહું છું. મારી વાતોને સન્દેહ વીના માની ન લેશો; પણ યુવાનો વૃદ્ધોને આપે એટલી છુટ જરુર આપજો.

મારી તમને પહેલી વીનન્તી એ છે કે સ્વસ્થ બનો. એ તમારા હાથની વાત છે. ઘણીવાર બીમારી અપરાધ હોય છે. તમે શરીરશાસ્ત્રના કોઈ નીયમનો જાણ્યે–અજાણ્યે ભંગ કર્યો હોય તો પ્રકૃતી એને સુધારવા કડક બને છે. તમારી વેદના તમને સતત મળતા જીવનનાં શીક્ષણ માટેની ફી છે. બાલમન્દીરથી પીએચ.ડી. સુધી દર વર્ષે સપ્તાહમાં એક કલાકનો વર્ગ સ્વાસ્થ્ય શીક્ષણ માટે જરુરી છે. એના પાઠ્યક્રમમાં ખોરાક અંગેની પુરેપુરી સમજણનો સમાવેશ થવો જોઈએ. આપણાં શરીર, આપણે જે ખાઈએ છીએ અને આપણા પુર્વજો જે ખાતા હતા તેના બનેલાં છે. હૉટેલની લાલચમાં પડશો નહીં. લાંબે ગાળે એ તમારા હીરનો નાશ કરશે. તમારા ખીસ્સાને હળવું બનાવવાની સાથે સાથે એ તમારા પેટને ભારે બનાવશે.

પહેલાના સમયમાં જે ખોરાક ગરમી અને બળ મેળવવા આપણે લેતા, એ આજના બેઠાડુ જીવનમાં ચાલુ રહ્યો છે. આ આપણા સમયની એક મોટી ભુલ છે. ખોરાકની ટેવોમાં વીવેકપુર્વક ફેરફાર કરો અને શરીરની

અન્દરનો ખાળ સાફ રાખો. જે લોકો પોતાના પાચનતન્ત્ર પર વધુ પડતો બોજો નાખે છે અને અન્દરની આયાત નીર્યાતના સન્તુલનનો નાશ કરે છે તેઓને હૉસ્પીટલમાં દાખલ થવું પડે છે.

દરરોજ કોઈકને કોઈક પ્રકારનો શારીરીક શ્રમ કરો. પ્રકૃતી વીચારને કામના માર્ગદર્શક તરીકે સર્જે છે; અવેજ તરીકે નહીં. કાર્યથી સન્તુલીત ન બનેલો વીચાર એ રોગ છે. બાગમાં કામ કરો, કાર સાફ કરો, શહેરને પોસ્ટરોથી રંગવા કરતાં તમારું ઘર રંગો, રાતના વાળુ પછી વાસણ સાફ કરો. તમારી પત્નીને ઘરકામમાં મદદ કરો, તમારાં કામમાં એની મદદ લો. પતીપત્નીએ પરસ્પરને મદદકર્તા બની રહેવું જોઈએ. લગ્ન કેવળ જાતીય આવેગની તૃપ્તી કે રમત કે ખર્ચ કરવામાં ભાગીદારી બની જાય તો તે વીચ્છેદમાં પરીણમે.

ભુખ પછી જાતીય આવેગ આપણી પ્રબળ સહજવૃત્તી અને મોટી સમસ્યા છે. સાતત્ય જાળવવા પ્રકૃતી સ્ત્રીને સુન્દરતા આપે છે અને પુરુષને તેના પ્રત્યે સંવેદનશીલ બનાવે છે. તેથી પુરુષ મનની સમતુલા ગુમાવે કે પાગલ જેવો બને એ શક્ય છે. આ તબક્કે એ આવેગ લોહીમાં ભભુકતી જ્વાળા બનીને તેના પુરા વ્યક્તીત્વને ભરખી લે છે. ઈચ્છાઓ વ્યવસ્થીત ક્રમમાં રહે અને તેમનો સંવાદ સ્થપાય તો જ વ્યક્તીત્વ ખીલવી શકાય. આજની સભ્યતા આપણા આ જાતીય આવેગને ઉત્તેજીત કરે છે એ શાણપણ નથી. આપણા વડવાઓ એને શમાવવા માગતા હતા, કેમ કે ઉત્તેજીત થયા વીના પણ એ ખુબ પ્રબળ છે એમ તેઓ સમજતા હતા. જાહેરખબરો, પ્રદર્શન જેવા ઘણા ઉત્તેજનના પ્રકારોથી આપણે એને બહેકાવી મુકી છે. સભ્યતાનો સૌ પહેલો અને પાયાનો સીદ્ધાન્ત સહજવૃત્તીનો ઐચ્છીક સંયમ છે. અછડતા

વીચારપ્રવાહોના સમ્મોહનથી ચેતો. એમને તમારી ઈચ્છાઓના નીર્ણાયક ન બનવા દો.

બને એટલું જલદી લગ્ન કરવાથી વાસનાના વરુને દુર રાખી શકાય. ડહાપણભરી પસન્દગીની બાબતમાં તમે ઘણા નાના છો. ચાળીસની ઉમ્મરે પણ વધુ શાણા નહીં બની શકો. મુર્ખ ઘરડો થાય તો પણ પસન્દગીની બાબતમાં શાણો બની જતો નથી. અમે માબાપ તમને સલામત લગ્નજીવન શરુ કરવામાં પૈસા વડે અને જો તમે સ્વીકારો તો સલાહ વડે મદદ કરી શકીએ. લગ્નના ફાયદાઓ જોતાં તેની મુશ્કેલીઓ નજીવી લાગે છે. સ્ત્રીના હાથનો મૃદુ અને પ્રમાણસરનો સ્પર્શ સ્વર્ગીય સુખ આપી શકે. નેપોલીયન કહેતો કે મારું સુખ મારાં બાળકોને ચાહવામાં રહેલું છે. મને આશા છે કે તમે લગ્ન વીના પીતા નહીં બનો.

ચારીત્ર્ય અને સ્વાસ્થ્ય સમાન કક્ષાનાં છે. બુદ્ધીમત્તા ત્રીજે નમ્બરે આવે. અહંકારી વ્યક્તીઓને સજ્જન બનાવવા એ ભગીરથ કાર્ય છે. સજ્જન એટલે અન્યની લાગણીને માન આપનાર વ્યક્તી. માયાળુ શબ્દો કેટલા સસ્તા છતાં મુલ્યવાન હોય છે. અન્યનું બુરું ન બોલો. દરેક કઠોર શબ્દ થોડા સમયમાં તમારી તરફ પાછો ફરશે અને જીવનયાત્રામાં અવરોધરુપ બનશે. બીજાનું બુરું બોલવું એ પોતાની પ્રશંસાનો અપ્રામાણીક માર્ગ છે. આવાં સુક્ષ્મ અભીમાનથી આપણે બચવું જોઈએ. જો તમે સારા શબ્દો ન કહી શકો તો કંઈ ન કહો એ બહેતર છે. કેટલીક વાર કંઈ ન બોલવું અને કંઈ ન કરવું એ શાણપણ છે.

તમારામાંથી જે વીજ્ઞાનનો વીશેષ અભ્યાસ કરવા માગતા હશે તેઓ ધર્મના સ્વરુપને સમજવામાં મુશ્કેલી અનુભવશે. તેઓએ ન્યુટન અને વૉલ્ટરની જેમ જગતમાં પ્રવર્તતા સંવાદ પાછળ વૈશ્વીક મનની હયાતીનો અનુભવ કેળવવો જોઈએ. પાસ્કલ તેમ જ રુસોની જેમ, માત્ર બુદ્ધીથી માણસ જીવી ન શકે એવી આસ્થા પણ તેમણે કેળવવી જોઈએ; કેમ કે આ વીશાળ વીશ્વમાં આપણે રજકણ જેવા છીએ. તેથી આપણામાંથી કોઈ પણ વીશ્વને સમજવાની કે તે વીશે આખરી સીદ્ધાન્તો સ્થાપવાની સ્થીતીમાં નથી. અખીલની અમાપ વીશાળતા અને દરેક વીભાગની સંકુલતાની વચમાં મનુષ્યની ભયજનક અલ્પતાનો વીચાર કરતાં પાસ્કલ ધ્રુજી ઉઠતો. તે કહેતો : 'આ અનન્ત અવકાશ મને ભયભીત કરે છે.' વીશ્વની અસીમ શક્યતા, વીવીધતા અને સુક્ષ્મતાનો ખ્યાલ કરી આપણે તે વીશે દયામણી સીદ્ધાન્ત કલ્પનાઓ રજુ કરતાં સાવધ રહેવું જોઈએ.

પૈસો જીવનનો આર્થીક પાયો ચણે છે; છતાં ધન એકઠું કરવું એ જીવનનું લક્ષ્ય ન બનવું જોઈએ. જાતીય આવેગની જેમ એ પણ ભરખી જનાર આગ બની શકે છે. એ બન્ને છુટીછવાઈ મજા આપી શકે; સ્થીર આનન્દ નહીં. તમારી બુદ્ધીમત્તા બધા સ્વીકારે છે. આપણાં વીદ્યાલયો ચારીત્ર્ય ઘડતર કરતાં બુદ્ધી ઉપર વધારે ભાર મુકે છે! નીયન્ત્રણો શીથીલ થતાં જાય છે તેમ ચાલાકી વધતી જાય છે. મારી યુવાનીમાં હું પરમ્પરાનાં બન્ધનો વીશે ઘણું બોલતો હતો. હવે નવીનતાની અન્ધપુજામાં વીશ્વાસ કરતો નથી. વીચારો અને વસ્તુના નવીનતામુલ્ય અંગે આપણે અતીશયોક્તી કરીએ છીએ. શાણપણ ભરેલી મૌલીકતા કરતાં મૌલીકતા સાથે મુર્ખતા વારંવાર જોવા મળે છે. સત્ય માટે હજાર સમ્ભવીત ભુલો હોય છે. સમ્ભવીત ભુલને સત્ય માની લઈ અન્ય ભુલોનો અન્ત લાવી શકાતો નથી.

તમારામાંથી ઘણા ઉચ્ચતર શીક્ષણ મેળવશે. વ્યક્તીઓ અને રાષ્ટ્રોની તીવ્ર સ્પર્ધા તમને કોઈ એક વીષયના વીશેષજ્ઞ બનાવવાની ફરજ પાડશે. વીજ્ઞાન ઉપર વધુ પડતો ભાર મુકવાથી આજનું શીક્ષણ સાહીત્ય, ઈતીહાસ, તત્ત્વજ્ઞાન, સંગીત અને કલા જેવા વીષયોની પુરતી સમજ આપતું નથી; પરન્તુ તમારે વીચ્છીન્ન ન બનવું જોઈએ. તમારું વીધીસરનું શીક્ષણ પુરું થાય ત્યારે તમારે અઠવાડીયામાં ઓછામાં ઓછા બે કલાક સભ્યતાનાં આ પુષ્પો વીશે જ્ઞાન મેળવવા માટે ફાળવવા જોઈએ. મહાકવીઓ સાથે મીત્રતા કેળવો. ઈજીપ્તનાં, ભારતનાં, ગ્રીસનાં અને રોમનાં સ્થાપત્યો અને શીલ્પો, અરબની મસ્જીદોના શણગાર, ગોથીક ગીરજાઘરો અને પુનરુત્થાનકાળનાં ચીત્રો વગેરે જગતની મહાન કલાકૃતીઓનો પરીચય મેળવો. હમુરાબી અને મોઝીઝથી વીન્સ્ટન ચર્ચીલ, ફ્રેન્કલીન રુઝવેલ્ટ અને નહેરુ સુધીના મહાન રાજનીતીજ્ઞો અને મુત્સદ્દીઓનો અભ્યાસ કરો. કૉન્ફ્યુશીયસ, સોક્રેટીસ, પ્લેટો, એરીસ્ટોટલ, એપીક્યુરસ, માર્ક્સ, ઑરેલીયસ, ફ્રાન્સીસ બેકન, સ્પીનોઝા, ન્યુટન, કાન્ટ, શૉપેનહોર, ડાર્વીન, નીત્ઝે, આઈન્સ્ટાઈન જેવા મહાન ચીન્તકોના ચરણે ઘડીભર બેસો. ટોલ્સટોય, દોસ્તોયેવસ્કી અને ઈમર્સન જેવાની કથાઓ અને કૃતીઓને માણો. બુદ્ધ, જીસસ ક્રાઈસ્ટ, ઑગસ્ટીન ફ્રાન્સીસ અને ગાંધી જેવા મહાન સન્તોની સાથે નમ્રતાપુર્વક ચાલો. જ્યાં સુધી તમે આ પ્રતીભાઓમાંથી ઘણાને તમારા મીત્ર ન બનાવો ત્યાં સુધી હું તમને સુશીક્ષીત ન ગણું. તેમનો સહચાર તમને નવી રીતે ઘડશે.

સારું સ્વાસ્થ્ય, સારું કામ, સદ્ભાગ્ય, સચ્ચરીત્ર, સારાં બાળકો અને સારા પૌત્ર તમને મળો એવી મારી શુભેચ્છા છે. જીવનનું પુર્ણ પાત્ર અન્ત સુધી પીઓ. કુદરત કસોટીઓ અને મુશ્કેલી સર્જે જેથી તમારામાં દૃઢતાનો વીકાસ

થાય. ક્યારેક સજા પણ કરે જેથી તમને ઉચીત કેળવણી પ્રાપ્ત થાય. તમારી આસપાસ અથાગ સૌન્દર્ય, શાણપણ અને પ્રેમનો અખુટ ભંડાર ફેલાયેલો છે તેને માટે પ્રકૃતીનો આભાર માનો.

મેઘધનુષ

સુખી થવા માટેની પહેલી શરત એ જ કે માણસે સુખી થવાનો સંકલ્પ કરવો જોઈએ. કોઈ શરાબી મધુશાલા તરફ ડગ માંડે, એવી જ ઉત્કટતાથી માણસે સુખના પ્રદેશ ભણી હીંડવાનું છે. હું પોતે શરાબનો વીરોધી છું; પરન્તુ એક વાત અવશ્ય માનું છું. રોતલ અને સતત ફરીયાદ કરનારા ટકટકીયા ડોસાઓ કરતાં નશાનો આનન્દ માણનારા નીરુપદ્રવી વૃદ્ધો મને વધારે ગમે છે. તેઓ બીજાને નથી કનડતા. શરાબ લેનારા મીત્રોને એટલું જ કહેવું છે : 'મર્યાદા જાળવીને માણો અથવા મર્યાદા તોડીને કીમ્મત ચુકવો બાકી બચીને ચાલવામાં ડહાપણ છે.'

…ગુણવંત શાહ

(સૌજન્ય : મરો ત્યાં સુધી જીવો)

10

વાસણોને બદલે પુસ્તક ભેટમાં આપીએ!

"વીચારપ્રેરક પુસ્તકો ભેટમાં આપવા કે વહેંચવાનો રીવાજ સમાજની ગુણવત્તા સુધારવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. કેટલીક શૈક્ષણીક સંસ્થાઓમાં મહેમાનોનું સ્વાગત 'બુકેને બદલે બુક'થી કરવામાં આવે છે. મહેમાનો પુષ્પગુચ્છને તો સભાસ્થળે જ છોડીને ઘરે જાય છે. જ્યારે એક વીચારપ્રેરક પુસ્તક મહેમાનોના ઘરે પહોંચે છે અને બાળકોને તથા સમગ્ર પરીવારને સંસ્કાર આપવાનું કાર્ય કરે છે. સદ્ગત સ્વજનોની પુણ્ય સ્મૃતીમાં વાસણને બદલે પુસ્તક વહેંચવાનો વીચાર ઉમદા અને સરાહનીય છે!"

અનુક્રમણીકા

સુરતના શ્રી. જીતેન્દ્ર દાળીયાએ પોતાનાં સદ્ગત પત્ની શકુંતલાબહેનની પાંચમી પુણ્યતીથી નીમીત્તે સૌ મીત્રો અને સ્વજનોને શ્રી. નરેશ કાપડીયા રચીત 'ઑડીયો બુક' વહેંચવાનું નક્કી કર્યું. તા. 09 જુલાઈ, 2016ના દીવસે 'જીવનભારતી', સુરતના 'રંગભવન'માં શ્રી. નરેશ કાપડીયા રચીત 'ઑડીયો બુક' તથા શ્રી. ગોવીન્દ મારુ અને શ્રી. ઉત્તમ ગજ્જર રચીત 'ઈ–બુક'નો લોકાર્પણ વીધી યોજાયો.

શ્રી. ગોવીન્દ મારુએ શ્રી. ઉત્તમ ગજ્જરના માર્ગદર્શન હેઠળ ડૉ. શશીકાંત શાહ સમ્પાદીત 'આનન્દની ખોજ' પુસ્તીકાની 'ઈ–બુક'તૈયાર કરી હતી. એ જ રીતે 'આનન્દનું આકાશ' પુસ્તીકાને 'ઑડીયો બુક' તરીકે તૈયાર કરવાનું કાર્ય શ્રી. નરેશ કાપડીયાએ પાર પાડ્યું હતું. જીતેન્દ્રભાઈએ પત્ની શકુંતલાબહેનની પાંચમી પુણ્યતીથી નીમીત્તે યોજેલી એ સભામાં પાંચસોથી વધુ શ્રોતાઓ ઉપસ્થીત હતા. અને આ લખનારનાં બે પુસ્તકો 'આનન્દની ખોજ' અને 'આનન્દનું આકાશ' અનુક્રમે 'ઈ–બુક' અને ઑડીયો બુક સ્વરુપે પ્રાપ્ત થઈ રહ્યાં હતાં તેના લોકાર્પણવીધીના સાક્ષી બન્યા હતા. તેઓ સૌ શકુંતલાબહેનની સ્મૃતીમાં આવો વીચારમેળો યોજાયો તેથી **આનન્દ** અને **રોમાંચ** અનુભવતા હતા.

સમાજને ભરડો લઈ બેઠેલી રુઢીઓને તોડવાનું કાર્ય હીમ્મત માગી લે તેવું છે. ડૉક્ટરો, ઈજનેરો, પ્રોફેસરો અને ઉદ્યોગપતીઓ પણ સ્વજનોની સ્મૃતીમાં વાસણો વહેંચવાનું પસન્દ કરે છે. પાંચ વર્ષ પછી એ વાસણ કોના તરફથી ભેટ મળ્યું છે તે નામ વાંચવા આંખો ખેંચવી પડે છે; પરન્તુ નામ ઘસાઈ ગયું હોવાથી વાંચી શકાતું નથી. પુસ્તકો વહેંચાય છે તો તે બીબાંઢાળ ભજન–કીર્તનનાં પુસ્તકો હોય છે અને ઘરમાં પહેલેથી જ આવાં પુસ્તકોનો ઢગલો પડેલો હોય છે. વીચારપ્રેરક પુસ્તકો વહેંચવા એ ખરેખર સમાજસેવાનું કાર્ય છે.

સ્વ. શકુંતલાબહેન તમામ સન્નારીઓને પ્રેરણા મળે એવી કારકીર્દી ધરાવતાં હતાં. તેઓ એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને કલેક્ટર કચેરીમાં કારકુન તરીકે જોડાયેલાં. એક્સ્ટર્નલ સ્ટુડન્ટ તરીકે અંગ્રેજી વીષય સાથે બી.એ. કર્યું અને નીવૃત્ત થયાં ત્યારે આસીસ્ટન્ટ કમીશ્નર હતાં. એમના અવસાન પછી

જીતેન્દ્રભાઈ દાળીયાએ એમની સ્મૃતીમાં કદી વાસણો નથી વહેંચ્યાં, વીચારપ્રેરક પુસ્તકો જ વહેંચ્યાં છે. આ પુર્વે એમણે મીત્રો અને સ્વજનોને ડૉ. શશીકાંત શાહ સમ્પાદીત ‘આનન્દની ખોજ’ અને ‘ચીન્તામુક્ત રહેવાની માસ્ટર કી’નું વીતરણ કર્યું હતું. સદ્ગત શકુંતલાબહેનની એક પુણ્યતીથી નીમીત્તે ડૉ. ગુણવંત શાહ રચીત ‘મરો ત્યાં સુધી જીવો’ પુસ્તક મીત્રો અને સ્વજનોમાં વહેંચ્યું હતું.

શ્રી. જીતેન્દ્રભાઈ દાળીયા જણાવે છે, ‘જો મેં શકુંતલાની સ્મૃતીમાં વાસણો વહેંચ્યાં હોત તો એ શકુંતલાને જ ન ગમ્યું હોત; કારણ કે તેઓ જીવનપર્યન્ત સુધારાવાદી વીચારોના પુરસ્કર્તા રહ્યાં હતાં.’

સદ્ગત સ્વજનોની સ્મૃતીમાં વાસણને બદલે ઉત્તમ વીચારપ્રેરક પુસ્તકો વહેંચવા એ શ્રેષ્ઠ પ્રકારની સમાજસેવા છે અને સમાજની ગુણવત્તા સુધારવા માટેનો ઉત્તમ ઉપાય છે.

વાસણોને બદલે વીચારપ્રેરક પુસ્તકો વહેંચવાનો હીમ્મતભર્યો નીર્ણય લેવા માટે હું શ્રી. જીતેન્દ્ર દાળીયાને અભીનન્દન પાઠવું છું.

મેઘધનુષ

હવેનાં વર્ષોમાં એક સમજણનો ઉદય થાય તે શક્ય છે. વર્ગખંડને સરસ્વતીનું મન્દીર ગણવું જોઈએ. કોર્ટના ન્યાયખંડને ન્યાયમન્દીર ગણવું રહ્યું. ઑપરેશન થીયેટરને ચર્ચનો દરજ્જો પ્રાપ્ત થવો જઈએ. પાણીની પરબને ઈન્સાનીયતની મસ્જીદ ગણવી રહી. ગ્રામપંચાયતની ઑફીસને સેવામન્દીરની ગરીમા પ્રાપ્ત થવી જોઈએ. ખેતર કે ફૅક્ટરીને શ્રમમન્દીર ગણવાનું યોગ્ય ગણાશે. લોકસભા કે વીધાનસભાને લોકતન્ત્રનું દેવાલય ગણવાનું ક્યારે શરુ થશે? આવી સમજણ કેળવાશે ત્યારે રોગની સમસ્યાઓની કનડગત આપોઆપ ઘટી જશે. રોગ અને પાપ વચ્ચેની દોસ્તી અતુટ છે. પાપમુક્ત જીવન વગર રોગમુક્ત જીવન શક્ય નથી.

…ગુણવંત શાહ

(સૌજન્ય : મરો ત્યાં સુધી જીવો)

11

પત્નીનું શોષણ શા માટે થવું જોઈએ?

“શોષણ પત્નીનું હોય કે નોકરનું, શોષણ એ તો શોષણ જ છે. પત્ની પરીવારની સભ્ય હોવાથી તેનું શોષણ ઝટ નજરે પડતું નથી. ભારતીય પરીવારોમાં મહીલાનું શોષણ અમાનુષી રીતે થતું રહ્યું છે. પરમ્પરાગત રીતે ચાલતા આવેલા અનીષ્ટો સમયના પરીવર્તન સાથે બદલાય નહીં તો એ સમાજની ગમ્ભીર ભુલ સાબીત થઈ શકે છે. પત્નીનું શોષણ થાય ત્યારે તેના હૃદયને કેટલું દુઃખ પહોંચતું હશે તે જાણવા માટે આપણે પોતાની જાતને તેના સ્થાને ગોઠવી દેવાની જરુર છે. એકવીસમી સદીના બે દાયકા પુરા થવા પર છે ત્યારે આપણે પત્નીનું શોષણ અટકાવીને આધુનીક યુગમાં પ્રવેશવાની જરુર છે.”

અનુક્રમણીકા

ભારતીય પરીવારોમાં પત્નીને મશીન ગણવાનો રીવાજ છે. મશીન સવારે પાંચ વાગે ચાલુ થઈ જાય, ચા મુકે, બાળકોને ઉઠાડે, એમને તૈયાર કરે, એમનો નાસ્તો તૈયાર કરે અને એમને સમયસર રીક્સા કે સ્કુલ બસ પકડાવે. મશીન આખો દીવસ અને મોડી રાત સુધી કામ કરે. રાત્રે અગીયાર પછી મશીન બન્ધ પડે, ફરીથી વહેલી સવારે પાંચ વાગે ચાલુ થવા માટે! આપણા ખ્યાતનામ સાહીત્યકાર ગુલાબદાસ બ્રોકરે એક હૃદયસ્પર્શી અનુભવ ટાંકેલો.

એક રમણીય સાંજે બ્રોકર અને અન્ય ચાર સાહીત્યકારો ઉમાશંકર જોશીને ત્યાં સાહીત્યગોષ્ઠી માટે ભેગા થયા. કવીએ સૌને આગ્રહ કરીને જમવા માટે રોકી પાડ્યા અને રાબેતા મુજબ પત્નીને ભોજન તૈયાર કરવાનો આદેશ આપી દીધો. ખુબ મોડે સુધી 'ભોજન લેવા પધારો' એવો સાદ ન સમ્ભળાયો એટલે ઉમાશંકરભાઈ રસોડામાં જઈને પત્નીને પુછવા લાગ્યા, 'શું વાત છે? હજુ ભોજન તૈયાર નથી થયું?' વૃદ્ધત્વ તરફ પ્રયાણ કરી ચુકેલી પત્નીએ ક્ષમાયાચના સાથે કહ્યું, 'ઉમાશંકર, આજે હું બહુ થાકી ગઈ છું.' બ્રોકરના કાને આ શબ્દો અથડાયા અને એમણે દુનીયાને સન્દેશ પહોંચાડ્યો, ''પત્ની મશીન નથી; એને પણ થાક લાગતો હોય છે.''

ભારતીય સમાજમાં પત્નીને ઘરકામમાં મદદ નહીં કરવાની ઉજ્જવળ પરમ્પરા સદીઓથી ચાલતી આવેલી છે. પચાસ વર્ષ પુર્વે સ્ત્રીની ભુમીકા માત્ર ગૃહીણી તરીકેની રહેતી. ચાર દીવાલોની વચ્ચે પુરાયેલા રહીને પતી અને બાળકોની સેવા કરવામાં તેને ધન્યતાનો અનુભવ થતો. ત્યાર પછી સમયે કરવટ બદલી. સ્ત્રીઓએ શીક્ષણ મેળવ્યું અને ઘરની બહાર નીકળીને નોકરી તથા વ્યવસાયનાં ક્ષેત્રોમાં ઉંચા હોદ્દાઓ શોભાવવા માંડ્યા; પરન્તુ ઘરનાં કામો તો સ્ત્રીઓએ જ કરવાનાં એ માનસીકતામાં કોઈ પરીવર્તન આવ્યું નહીં. ઘરમાં કચરો વાળતો હોય, રસોઈ બનાવતો હોય કે પથારી પાથરતો હોય એવા પુરુષની તમે કલ્પના કરી શકો છો? આજે પ્રત્યેક મોટા માણસને ત્યાં એક 'સ્ત્રીમશીન' જોવા મળે છે. એનું એકમાત્ર કામ ડ્રોઈંગરુમમાંથી છુટતા પુરુષના આદેશોને ઝીલવાનું. દીવાનખંડમાં પતી મીત્રો સાથે પત્તા ખેલતો હોય, ટેલીવીઝન સામે બેસીને વીરાટ કોહલી સેન્ચ્યુરી ફટકારે તેની રાહ જોતો હોય કે શતરંજનો દાવ ખેલતો હોય, કલાકે કલાકે ઘરમાં ખડે પગે સેવા આપતી દાસીને હુકમ છોડતો રહે છે; ચા–નાસ્તો આવવા દો, છ–સાત કપ ચા, કૉફી

અને ગરમ ગરમ નાસ્તો આવવા દો... આ બધું શું છે? ચા બનાવવી પડે છે, નાસ્તો બનાવવો પડે છે, વાસણો ધોવાં પડે છે... પત્ની મશીન નથી; આ બધાં કામોને અન્તે એને પણ થાક લાગે છે; પણ બીચારી પત્નીને 'હું થાકી ગઈ છું' એવું બોલવાની પણ છુટ નથી હોતી.

પત્ની આખો દીવસ ઘરમાં રહેતી હોય અને માત્ર ગૃહીણી તરીકે સેવા આપતી હોય ત્યાં સુધી બધું બરાબર છે, કંઈ વાંધો નથી; પરન્તુ પતી અને પત્ની બન્ને સાંજે છ વાગે નોકરી પરથી ઘરે આવે પછી ચા બનાવવાનો કે નાસ્તો બનાવીને ડાઈનીંગ ટેબલ પર હાજર કરવાનો ઈજારો માત્ર પત્નીનો શા માટે? પત્નીને ઘરની કામવાળી કે પોતાની દાસી સમજવાની ઉજ્જ્વળ પરમ્પરાને તીલાંજલી આપવા હજુ આપણે કેટલાં વર્ષ રાહ જોવાની છે?

કૅનેડા અને અમેરીકામાં દર વર્ષે પાંચ લાખ ડૉલર કમાતો પુરુષ પત્ની સાથે ખભેખભા મીલાવીને ઘરનાં કામોમાં જોડાય છે. રસોઈ કરવાથી માંડીને ભોજન પત્યા પછી વાસણો સાફ કરવાની તમામ કામગીરીમાં પતીની સામેલગીરી હોય છે. ત્યાં ઘરનું કામ કરવાને શરમસંકોચનો વીષય સમજવામાં નથી આવતો. ભારતમાં એવું નથી.

અહીં તો પતીને પરમેશ્વર ગણવાની પરમ્પરા છે. બાળકોને પણ એવા જ સંસ્કાર અપાય છે. પન્દર વર્ષનો બાબલો ટીવી પર ડર્ટી પીક્ચરના ડાન્સ માણતાં માણતાં મમ્મીને ચા–નાસ્તો સર્વ કરવાનો આદેશ ફરમાવી શકે છે! જાહેર જીવનમાં પડેલા સેવકરામોની કમનસીબ પત્નીઓની જીવનશૈલી અભ્યાસનો વીષય ગણાય. પ્રધાનોની પત્ની નસીબદાર હોય છે. નવરી પડે એટલે યુવાન ડ્રાયવર સાથે શૉપીંગ કરવા નીકળી પડે; પરન્તુ નોકર–ચાકર ન હોય એવાં ઘરોમાં તો સેવકરામનું બધું કામ પત્નીએ જ ઉપાડી લેવું પડે.

આખો દીવસ ઘરમાં ચા ઉકળતી રહે, રસોઈ બનતી રહે, પાણીના ગ્લાસ ભરાતા રહે અને સેવકરામ રાજકારણી મીત્રો સાથે જીયાફત ઉડાવતા રહે, નીવૃત્તી વેળાએ સેવકરામ એકરાર કરતો કહેશે, 'અમે ઉજળા છીએ; કારણ કે ઘરમાં પત્ની(દાસી) બધું સમ્ભાળી લેતી હતી. મારે કદી ઘરનાં કામોમાં માથું મારવું પડ્યું નથી. પત્ની ઘરમાં રહેતી હતી એટલે હું જાહેર જીવનમાં સેવાનો આનન્દ માણી શક્યો!' આપણે સેવકરામને બે હાથ જોડીને એમની જ અદાથી પુછવા માંગીએ છીએ કે બસ આટલું જ? પત્ની આખી જીન્દગી ચાર દીવાલોની વચ્ચે ચા ઉકાળતી રહી, દાળ ઉકાળતી રહી, પોતાનું લોહી ઉકાળતી રહી અને તમે થોડાક શબ્દોમાં એનો આભાર માની લો એટલે હીસાબ ચુકતે થઈ જાય? કેટલાયે પુરુષો લગ્ન પછી પત્નીની કારકીર્દીને ગળે ટુંપો દઈ એને ઘરની ચાર દીવાલોમાં કેદ કરી લે છે. બાળકોનો ઉછેર અને પરીવાર જીવનની માવજત એ તો પતીપત્નીની સહીયારી જવાબદારી છે.

પત્ની નોકરી કરતી હોય તેવા કીસ્સાઓમાં ઘરનું કામ સમજદારીથી વહેંચતા પુરુષોની સંખ્યા કેટલી? ઘરનું કામ સમ્ભાળતા પુરુષોને ભલે મજાકનું પાત્ર સમજવામાં આવે, હું તો માનું છું કે ઘરના કામોમાં પત્નીને મદદરુપ નહીં બનતા પતી સમાજનું કલંક છે અને પોતાનાં સન્તાનોને ગલત મૅસેજ પહોંચાડે છે. પચાસ વર્ષ પુર્વે સ્ત્રી પોતાના પતીને પ્રેમપત્ર લખતી ત્યારે અન્તમાં નોંધતી, લી. તમારા ચરણોની દાસી. કેટલાક પરીવારોમાં આ દાસીપ્રથા આજપર્યન્ત જળવાઈ રહેલી જોવા મળે છે. રાત્રે બેડરુમમાં ઢગલો થઈને ઢળી પડતી સ્ત્રી પર દીવસ દરમીયાન કેટલા અત્યાચારો ગુજારવામાં આવ્યા તેનો હીસાબ મંડાવો જોઈએ. પત્નીઓ પોતાને થઈ રહેલા અન્યાય માટે પુરુષો સામે સામુહીક બંડ પોકારે ત્યાં સુધી થોભવાની જરુર નથી.

મેઘધનુષ

ધર્મ સત્યને પામવાનો દાવો કરે છે અને વીજ્ઞાને ટૅકનોલૉજી મારફત સમાજસુધારણાનું બીડું ઝડપ્યું છે. પોતાના કાર્યક્ષેત્રની મર્યાદા ઓળંગી જવાને કારણે માનવીને સુખી કરવામાં બન્ને નીષ્ફળ ગયાં છે. જો ધર્મ પોતાનું કાર્યક્ષેત્ર સમાજસુધારણા પુરતું સીમીત રાખે અને વીજ્ઞાન પોતાનું કાર્યક્ષેત્ર સત્ય શોધવા પુરતું સીમીત રાખે તો બન્ને એકબીજાના પુરક બનીને માનવજાતને ઉપકારક બની શકે.

: સૌજન્ય :

રૅશનાલીસ્ટ વીક્રમ દલાલના પુસ્તક ‘મનોમંથન’માંથી

જેવી જેની મોજ

કોઈ પીએ કોઈ ચાખે જેવી જેની મોજ,
કોઈ વહેંચે કોઈ રાખે જેવી જેની મોજ.

બાબા આ તો મોજની વસ્તી મનમોજીનો વાસ,
બોલે કે મુંગાવ્રત રાખે જેવી જેની મોજ.

સર્વ પ્રકારે મુક્ત અહીંયાં રંગબેરંગી ફુલ,
ઝુલે ફાવે તેવી શાખે જેવી જેની મોજ.

કોઈ પહેરે કંથા શણની, કોઈ મોંઘીદાટ,
કોઈ ઢાંકી કાયા રાખે જેવી જેની મોજ.

કોઈને મોઢે આંક એમના હરખ તણો નહીં પાર,
કોઈ ખુશી એકાદ પલાખે જેવી જેની મોજ.

કોઈ જીવે મરતાં મરતાં, કોઈ મરવા વાંકે,
કોઈ જીવનનું નાહી નાંખે જેવી જેની મોજ.

લોકો ભાખે સારું 'ઘાયલ' એવો આગ્રહ શાને!
હીણામાં હીણું પણ ભાખે જેવી જેની મોજ.

...અમૃત ઘાયલ...

આપણે આકાશમાં જેમ જેમ
ઉંચે ઊડતાં જઈએ છીએ,
તેમ તેમ
જેઓ ઉડી શકતા નથી,
એવા માણસો માટે
નાનાં ને નાનાં થતાં જઈએ છીએ!

…ફ્રેડરીક નીત્શે
(સૌજન્ય : ભગવાનની ટપાલ)

